Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.16 - Issue 12
December 2023
Price 15/-



કેશોદમાં 'વિજયાદશમી રાવણ દહન' મહોત્સવમાં MLA ભ્રાતા દેવાભાઈ માલમ, માળીયાના MLA ભ્રાતા ભગવાનજી કરગઠીયા, રશિયાથી પધારેલ બ્ર.કુ. સંતોષબેન, બ્ર.કુ. રૂપાબેન તથા અન્ય.

રાજકોટ રણછોડનગર વિસ્તારમાં કબીગુરુ સ્મૃતિ સંઘ આયોજીત 'દુર્ગા પૂજા'ના ઉદ્‌ઘાટન બાદ પૂર્વ કૉરપોરેટર ભ્રાતા વલ્લભભાઈ દુધાત્રા, કબીગુરુ સ્મૃતિ સંઘના કાર્યકર્તાઓ સાથે બ્ર.કુ. શીતલબેન.

ભુજ-કચ્છ ખાતે 'દેવીઓની ઝાંખી'માં IMAના પ્રમુખ ડૉ. સુરેશભાઈ, ડૉ. પન્નાબેન રૂડાણી, પશુપાલન વિભાગના નિયામક ડૉ. ગિરીશભાઈ, ચેમ્બર ઑફ કૉમર્સના પ્રમુખ ભ્રાતા અનિલભાઈ, બ્ર.કુ. રક્ષાબેન.

જલાલપોરમાં અવધ સોસાયટી ખાતે 'વિજયાદશમી ઝાંખી'માં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. ગીતાબેન, સાથે સોસાયટીના પ્રમુખ ભ્રાતા પ્રકાશભાઈ દેસાઈ, ભગિની ડૉ. કમલબેન, બ્ર.કુ. ભાનુબેન.

પોરબંદરમાં 'ચૈતન્ય દેવીઓની ઝાંખી'ના ઉદ્‌ઘાટન બાદ સમૂહચિત્રમાં નગરપાલિકાના પ્રમુખ ભગિની ડૉ. ચેતનાબેન તિવારી, ગાયનેકોલોજીસ્ટ ડૉ. પારસભાઈ મજીઠીયા, બ્ર.કુ. ગીતાબેન.

જૂનાગઢમાં નવરાત્રી દરમિયાન આયોજીત 'ચૈતન્ય દેવીઓની ઝાંખી'ના ઉદ્‌ઘાટન બાદ સમૂહચિત્રમાં SP ભ્રાતા હર્ષદભાઈ મહેતા IPS, અગ્રણી વ્યાપારીઓ સાથે બ્ર.કુ. બીનાબેન, બ્ર.કુ. રશ્મિબેન.

નવસારીમાં નવરાત્રી ઉત્સવ 'નવદુર્ગાની ઝાંખી'માં પધારેલ વિજલપોર નગરપાલિકાના પ્રમુખ ભગિની મીનલબેન દેસાઈ, વિવિધ સમિતિઓના અધ્યક્ષ બહેનો સાથે બ્ર.કુ. ગીતાબેન.

બારડોલી સેવાકેન્દ્ર દ્વારા નવરાત્રી પર્વ નિમિત્ત આયોજીત નવ દેવીઓની 'ચૈતન્ય ઝાંખી'નું મનોરમ્ય દૃશ્ય.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ ૧૬ ડિસેમ્બર - ૨૦૨૩ અંક : ૧૨

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- ડો. નિર્મલાદીદીનું દેવલોકગમન ....તંત્રી સ્થાનેથી ..04
- ગીત - હું તો તારી પાસે રહીશ......બ્ર.કુ. ગોદાવરીબેન ..05
- જ્ઞાનામૃત - આભાર અને અપેક્ષા 06
- કવિતા ....બ્ર.કુ. જૂનાગઢ ..07
- સદ્‌ભાવનાનો જાદુ ....બ્ર.કુ. ચંદ્રવદનભાઈ ..08
- રાજયોગ - જીવન જીવવાની કલા..........બ્ર.કુ. ગાયત્રી ..12
- દાદા ચંદ્રહાસજી ....બ્ર.કુ. હેમંત ..16
- મોટા ઘરનું તેડું ....બ્ર.કુ. નીતા ..20
- દિવ્યદર્શન - સંદેશો નાતાલનો..............બ્ર.કુ. નંદિની ..27
- પ્રસંગ પરિમલ 28
- દુ:ખમાં પણ સુખ 30
- સંગમયુગની શબ્દાવલી 34

2023ના લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂ.	૧૩૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૨,૨૦૦.૦૦
છૂટક નકલ	રૂ.	૧૫.૦૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂ.	૧,૬૦૦.૦૦
આજીવન સભ્ય	રૂ.	૧૨,૦૦૦.૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.

Phone : 99798 99104

મુદ્રક અને પ્રકાશક

ભારતી રણછોડદાસ સોમૈયા

-:- વિશેષ નોંધ -:-

જાન્યુઆરી, 2024થી જ્ઞાનામૃતનું નવું વર્ષ શરૂ થશે. જેથી સર્વ નિમિત ટીચર્સ બહેનો, બ્રહ્માકુમાર ભાઈ-બહેનો, પ્રિય વાંચકોને છેલ્લી તારીખ 10 ડિસેમ્બર, 2023 પહેલા મેમ્બરશીપ રીન્યુ કરાવી નામ નોંધાવી દેવા વિનંતી. જ્ઞાનામૃતના કારોબાર માટે નીચે આપેલ બેંક ખાતાની વિગતોનો ઉપયોગ કરી ઓનલાઈન, રોકડા, ચેક કે ડી.ડી.થી લવાજમ ભરી શકાશે. Gpay, Phone Pay કે મોબાઈલ નંબર ઉપર જ્ઞાનામૃતનું લવાજમ ભરશો નહીં.

જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**

Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.

Phone: 079 - 2532 4460

Email : gyanamrit.guj@gmail.com

તંત્રી સ્થાનેથી

બ્રહ્માકુમારીઝ સંસ્થાનાં સંયુક્ત મુખ્ય પ્રશાસિકા રાજયોગિની બ્ર.કુ. ડો. નિર્મલાદીદીનું દેવલોકગમન

ભારતની ભૂમિ એ બહુરત્ના વસુંધરા છે. આ ધરતી પર એવાં અનેક માનવરત્નો જન્મ્યાં છે કે જેઓએ પોતાનાં કર્મોની સુવાસ પાથરી છે. આવાં જ એક પ્રતિભાશાળી મહિલા એટલે બ્ર.કુ. ડો. નિર્મલાદીદી. અહીં આપણે એમની જીવન ઝરમર જોઈએ.

એમનો જન્મ વર્ષ 1935માં મુંબઈમાં પ્રસિદ્ધ વ્યાપારી પરિવારમાં થયો. જન્મતાં જ એમની પ્રતિભા દૃશ્યમાન થતી હતી. માત્ર શૈક્ષણિક જ નહીં પણ ખેલકૂદની પ્રવૃત્તિમાં પણ આપ અગ્રેસર હતાં. વર્ષ 1962માં આપે એમ.બી.બી.એસ.ની પદવી મેળવી. કોઈનેય ખબર નહોતી કે દીદી સ્વાસ્થ્યની સાથે આત્માઓની બીમારી દૂર કરનારાં રુહાની ડોક્ટર બનશે. આમ આપ ડબલ ડોક્ટર બન્યાં.

27 વર્ષની ઉંમરે 1962માં સંસ્થાના સંપર્કમાં આવ્યાં. વર્ષ 1962માં પ્રથમ મુખ્ય પ્રશાસિકા રાજયોગિની માતેશ્વરી જગદંબા સરસ્વતીજીના સંપર્કમાં આવ્યાં. મમ્માના રુહાની પ્રેમ અને અદ્‌ભુત પ્રતિભાસંપન્ન રુહાની વ્યક્તિત્વથી આપ પ્રભાવિત થયાં. આ રીતે એમની આધ્યાત્મિક પથ પર અગ્રેસર થવાની રુચિ વધતી ગઈ. મમ્માનાં પ્રવચન સાંભળીને શ્રેષ્ઠ પવિત્ર જીવન બનાવવાનો સંકલ્પ કર્યો એમને બાળપણથી જ સમાજસેવામાં વિશેષ રસ હતો.

વર્ષ 1962માં રાજયોગનું સંપૂર્ણ શિક્ષણ મેળવીને આપ માઉન્ટ આબુ પહોંચ્યાં. ત્યાં બ્રહ્માબાબા સાથે મુલાકાત કરી. બ્રહ્માબાબાની શક્તિશાળી રુહાની દૃષ્ટિ અને મહાન વ્યક્તિત્વથી પ્રભાવિત થયાં. બાબાના સંપર્કનો જાદુ એવો હતો કે આપે પોતાનું જીવન બ્રહ્માકુમારીઝ સંસ્થામાં બ્રહ્માકુમારી તરીકે સમર્પિત રૂપે પોતાની ઈશ્વરીય સેવાઓ આપતાં હતાં. માતાપિતાએ પણ આપને સહર્ષ મંજૂરી આપી એટલું જ નહીં કાંદીવલી, મુંબઈમાં સર્વ સગવડો સહિતનું સેવાકેન્દ્ર બનાવીને આપ્યું.

આ એવો સમય હતો કે મહિલાઓ વિશ્વસેવા કરવા તૈયાર થાય તે એક પડકાર જેવું કામ હતું.

એમના વ્યક્તિત્વ અને ઉચ્ચ અભ્યાસને ધ્યાનમાં રાખીને એમને વિદેશોની ઈશ્વરીય સેવા કરવાની મહત્ત્વપૂર્ણ જવાબદારી સોંપી. પ્રથમ લંડન પહોંચ્યાં. તત્કાલીન મુખ્ય પ્રશાસિકા રાજયોગિની દાદી પ્રકાશમણિજીએ એમને વિદેશોની ઈશ્વરીય સેવા સોંપી. વર્ષ 1971માં લંડનમાં સેવા આપ્યા બાદ આફ્રિકા, મોરેશિયસ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેંડ, સિંગાપુર સહિત 70 દેશોમાં અધ્યાત્મ અને રાજયોગની ધૂણી ધખાવી.

ઓસ્ટ્રેલિયામાં આપે કરેલી મહત્ત્વપૂર્ણ સેવાઓની કદર રૂપે ત્યાંની સરકારે એમને ઓસ્ટ્રેલિયા એચીવમેન્ટ એવોર્ડથી સન્માનિત કર્યા. ઓસ્ટ્રેલિયામાં સેવાના વિસ્તરણમાં એમનું વિશેષ યોગદાન રહ્યું અહીંના જ બ્રહ્માવત્સોને સેવાની જવાબદારી નિભાવવા યોગ્ય બનાવ્યા.

લગભગ 12 વર્ષથી જ્ઞાનસરોવર

એકેડેમીના ડાયરેક્ટર તરીકે સેવા આવતાં હતાં. એમના માર્ગદર્શન હેઠળ જ્ઞાન સરોવરમાં મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ, ભઠ્ઠીનાં, ટ્રેનીંગના વિવિધ વીંગોના કાર્યક્રમો કર્યા જેની સુવાસ બધે ફેલાઈ. છેલ્લાં ત્રણ વર્ષથી સંયુક્ત મુખ્ય પ્રશાસિકા તરીકે સેવા આપતાં હતાં.

એમનું જીવન દિવ્યગુણોના ગુલદસ્તાથી મહેંકતું હતું. એમની દિવ્યતા, પ્રસન્નતા, સરળતા, સાદગી, દૃઢ મનોબળ, આત્મબળ, ઉચ્ચ કોટિના ચારિત્ર્ય બળનો પ્રભાવ વિદેશીઓ ઉપર પડ્યો. જેથી આપે પશ્ચિમી દુનિયામાં ડૂબેલા લોકોને વિદેશોના અનેક આત્માઓને રાજયોગી, યજ્ઞસ્નેહી, યજ્ઞ સહયોગી બનાવ્યા.

ડો. નિર્મલાદીદીએ 88 વર્ષની ઉંમરે અમદાવાદની હોસ્પિટલમાં અંતિમશ્વાસ લીધો આપ સંસ્થાની કોર કમીટીનાં પણ સભ્ય હતાં. શનિવારે માઉન્ટ આબુના મુક્તિધામમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યાં. જ્યાં દેશ વિદેશના અનેક બ્રહ્માવત્સોએ ઉપસ્થિત રહીને એમને શ્રદ્ધાંજલિ આપી.

બાબા પોતાના કાર્યને આગળ ધપાવવા એક પછી એક દાદીઓને પોતાની પાસે બોલાવી રહ્યા છે તે રીતે ડો. નિર્મલાદીદીનો પણ વિશેષ પાર્ટ હશે.

વિશ્વમાં અનેક લોકો જન્મ લે છે અને મૃત્યુ પામે છે પણ સંસાર તો એવા ત્યાગી તપસ્વી, વિશ્વ કલ્યાણની સેવામાં તત્પર આત્માઓને જ યાદ કરે છે. અનેક બ્રહ્માવત્સોના દિલમાં એમણે સ્થાન મેળવ્યું હતું. મને પણ એમની સાથે લોટસ હાઉસથી માઉન્ટ આબુ સાથે જવાની તક મળી હતી જે અવિસ્મરણીય છે.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

ગીત

બ્ર.કુ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

હું તો તારી પાસે રહીશ... શિવબાબા
છાની છુપી વાત તને કહીશ... મારા બાબા.
કળીયુગની રાત અને સતયુગની પ્રભાતમાં
આત્મા-પરમાત્માની સાથે મુલાકાતમાં
આવ્યો સંગમયુગ, તને મળ્યા સાક્ષાતમાં
તૃષા છીપાવી બાબા, જન્મોજન્મની સાથમાં
તમને છોડીને ક્યાંય નાં જઈશ... મારા બાબા
હું તો તારી પાસે રહીશ... શિવબાબા.
આપ્યો તમે અમને અથાહ ખજાનો
મળ્યો મન ઈચ્છિત મોજ મજાનો
ડર નથી હવે કર્મોની સજાનો
પૂરો થાયે જેમ સ્કૂલની રજાનો
દિલથી કદિ નાં ભૂલીશ... મારા બાબા
હું તો તારી પાસે રહીશ... શિવબાબા.
જ્યોતિસ્વરૂપે મળો અવ્યક્તવતનમાં
ખુશી મળી સદા જ્ઞાન રતનમાં
જાગતી જ્યોતિ બની રહું પ્રસન્નતામાં
સ્વર્ણિમ સૂર્ય ઉદય થયો મન પ્રયતનમાં
તમારી યાદમાં નિરંતર રહીશ... મારા બાબા
હું તો તારી પાસે રહીશ... શિવબાબા.
ઉમંગ - ઉત્સાહમાં એજ, જાણે વહી રહ્યાં
સાચો ઉત્સવ એજ, જાણે કહી રહ્યાં
શાંતિ ખુશીનાં વાદળો વહી રહ્યાં
આનંદ અલૌકિક સંગમનો લઈ રહ્યાં
શ્રીમતનું પાલન કરીશ... મારા બાબા
હું તો તારી પાસે રહીશ... શિવબાબા

॥ ઓમશાંતિ ॥

'જ્ઞાનામૃત' માસિક આભાર અને અપેક્ષા

1972ના જાન્યુઆરીથી નિયમિત રીતે પ્રકાશિત થતી 'જ્ઞાનામૃત' પત્રિકાનું આ સળંગ 52મું વર્ષ પૂરું થઈ જાન્યુઆરી 2024માં 53મા વર્ષમાં પ્રવેશ કરશે. નવા રજીસ્ટ્રેશન મુજબ 17મું વર્ષ શરૂ થશે.

ઈશ્વરીય પરિવારની અને ગ્રાહકો, શુભેચ્છકોની મદદને કારણે 'જ્ઞાનામૃત' નિયમિત રીતે પ્રકાશિત કરી શક્યા છીએ. તે માટે સૌને અભિનંદન.

'જ્ઞાનામૃત'ની વિકાસયાત્રામાં લેખકોએ પણ અમૂલ્ય ફાળો આપ્યો છે. વર્ષ દરમિયાન સહયોગ આપનાર લેખકોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ. નવા વર્ષમાં આપ સૌનો ઉષ્માભર્યો સહયોગ મળશે એવી અપેક્ષા છે.

'જ્ઞાનામૃત'ના ગ્રાહકો નોંધવામાં સહયોગી બનનાર ઈશ્વરીય પરિવારના સભ્યો, શુભેચ્છકોનો પણ હાર્દિક આભાર માનીએ છીએ.

દીદીના અવ્યક્ત થયા બાદ રાજયોગિની બ્ર.કુ. નેહાબેન અમારા માટે પ્રેરણાસ્ત્રોત બન્યાં છે. એમનો નિરંતર સહયોગ અમને મળતો રહે છે.

અમારા માટે ખુશીની વાત એ છે કે બ્ર.કુ. નંદિનીબેને અંકોની રવાનગી, તેનો હિસાબ વગેરે કાર્ય સફળતાપૂર્વક ઉપાડી લીધું છે. સાથે સાથે 'જ્ઞાનામૃત'ની તસ્વીરોનું પ્રકાશન કરવાનું પણ તેઓ કરે છે. બ્ર.કુ. નિકુંજભાઈ ટાઈટલની ડિઝાઈન બનાવવાનું અને મુદ્રણકાર્ય કરવાનું કાર્ય સુંદર રીતે નિભાવ્યું છે. અંકો રવાના કરવા માટે બ્ર.કુ. હેમંતભાઈ અને ટીમના સભ્યોના આભારી છીએ. બ્ર.કુ. મીનળબેન મોદી નિયમિત ટાઈપ સેટિંગ કરી આપે છે. નિયમિત રીતે 'જ્ઞાનામૃત'નું પ્રીન્ટીંગ સમયસર કરી આપવા માટે શ્રીધર પ્રીન્ટર્સના પણ અમે આભારી છીએ.

અપેક્ષા

આપણી ગ્રાહક સંખ્યા આપણે વધારવાની છે. ગુજરાતમાં સેવાકેન્દ્રો અને ગીતાપાઠશાળાઓ (ઈશ્વરીય જ્ઞાનની)માં વૃદ્ધિ થઈ છે. ગુજરાત બહાર ભારત અને વિદેશોમાં ગુજરાતી ભાષા જાણનાર પરિવારો છે. સૌના સહયોગ, દૃઢ મનોબળથી ગ્રાહક સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ થાય એવી અપેક્ષા છે.

'જ્ઞાનામૃત'નું લવાજમ જે હાલ છે તે મુજબનું જ છે. જે પ્રથમ પેજ પર જોઈ શકો છો. આપ સૌના ઉષ્માભર્યા સહયોગની અપેક્ષા છે.

રાજયોગિની ભારતીદીદી
પ્રકાશક અને ડાયરેક્ટર, ગુજરાત ઝોન

બ્ર.કુ. કાલિદાસ
તંત્રી

કવિતા

બ્ર. કુ. જૂનાગઢ

વંદન એ વાલમને , વ્હાલા બનાવ્યા ઢળતી વેળાએ ,
સર્વોપરી બન્યો સેવાધારી , બાળકો-સન્યાસીનો સંગાથી ,

સહેલી શાણપણથી થાય , મન મહેરામણ એકાંત થાય ,
સૌની સંગાથે જીવતો જીવ , સંગ શિવનો થાય ,

દુનિયાની વચ્ચે રહી બનતો હીરો પાર્ટધારી
જગાડ્યું જીવનું જોર , દેખાડ્યા ખોટા દેહધારી ,

બેઠા'તા , ગાતા , પૂજતા , જેમ મરેલા માનવ ,
જગ્યા જોલાથી નેણ , બન્યા તરેલા માનવ ,

ફસેલા ફંગોળાતા , તરેલા હિંડોળે ઝૂલતા ,
સાગરના સરોવરમાં બનતા મોતી , શિવના ગળે શોભતા ,

વંદે માતરમ , શિવ શક્તિ સામે , નમાવ્યું જગનું પલ્લું ,
માન-અપમાન કંઈ નથી , સર્વસ્વ ત્યાગું મારા-તારાનું ,

વધે જો જીવનમાં જોખમ ,
તો ખૂટે છે કઈક શ્રીમત પાલનમાં ,
જો ઘટે કર્મના હિસાબ કિતાબ ,
તો વધે યાદ પ્રભુ મિલનમાં ,

ગોતવા શ્રેષ્ઠ સંગાથ-સંગઠન , ગોથા ખાતો જીવ ,
ને શિવે જાણ્યું જીવનું અજ્ઞાન , ને મળ્યા જીવને શિવ ,

શમણા , નમણા દેહની દ્રષ્ટિ બની રુહાની ,
આ આદ્ય આદિ-અનાદિની , બની નવી કહાની .

॥ ઓમશાંતિ ॥

કવિતા

બ્ર. કુ. જૂનાગઢ

વહે જેમ વાદળનો વરસાદ ,
ને ભીંજવે તનના તાર ,
પામે એવો પરમેશ્વરનો પ્રેમ ,
ને ખીલવે મનના ભાવ ,

જીવન જાણવાથી ,
જાણ્યા અમૂલ્ય અવતાર ,
સાગરની સરવાણી આવે ,
હૃદય કુંજને પાર ,

શમતા , નમતા જેમ નદીના નીર ,
એ વિશાળ સાગરને પાર ,
આત્મ બિંદુ રહેતા સૌ પરમધામ ,
સાકાર દુનિયાની પેલે પાર ,

આવતા-જતા જન્મના ,
ગોથાના વર્ષ પૂરા પાંચ હજાર ,
હવે જીવીએ દેવા કાજ ,
એ જીવન જીવ્યાનો સાચો સાર ,

૨૧ જન્મની બાદશાહી ,
જો સજુ આતમ શણગાર ,
૮૪ જન્મની કહાની ,
જો સમજુ તો જીવન ઉજાગર ,

સ્નેહની સરવાણી પામી ,
૬૩ જન્મ મોહનો આકાર ,
મોહ માયા ત્યજીએ ૧ જન્મ ,
આ પાંચ તત્વોના શરીર ,

॥ ઓમશાંતિ ॥

સદ્‌ભાવનાનો જાદુ

બ્ર.કુ. પ્રો. ચંદ્રવદન ચોકસી, નડિયાદ

સદ્‌ભાવના કોને કહેવાય ?

સદ્‌ભાવના અર્થાત્ સત્ય ભાવના, સારી ભાવના. સત્ય એને કહેવાય - જે સર્વ શ્રેષ્ઠ હોય અને કલ્યાણકારી પણ હોય. આ બંને શબ્દો તો પરમાત્માને માટે જ પ્રયોજી શકાય. તેથી જ મહાત્મા ગાંધીજી કહેતા હતા કે God is Truth - સત્ય એ ઈશ્વર છે. ઈસુ ખ્રિસ્તે પણ કહ્યું છે કે, God is Love - પ્રેમ એ પરમાત્મા છે. સદ્‌ભાવનામાં સત્ય અને પ્રેમ બંનેનો સમાવેશ થવો જરૂરી છે, આપણે કોઈને આદર આપીએ અથવા કોઈની સેવા કરીએ, કોઈની પ્રશંસા કરીએ કે નાનું કામ કરી દઈએ પરંતુ એમાં સચ્ચાઇ એટલે કે હૃદયની સાચી ભાવના હોય તો જ તે સફળ થશે. જો દંભ અથવા પ્રદર્શન માટે કે વળતરની કોઈ અપેક્ષાને કારણે કોઈ ઉપકાર અથવા સેવા કરીએ તો તેની અસર થતી નથી. તે અન્યના હૃદયને સ્પર્શશે નહીં અને આપણાં શુભ કર્મના ખાતામાં જમા પણ થશે નહીં. આ સંદર્ભમાં એક વાર્તા યાદ આવે છે.

ખુદાએ કોની હજ કબૂલી ?

એક ગામમાં ઘણાં મુસ્લિમ ભાઈ-બહેનો પોતાના જીવનની આખરી ઝંખના અનુસાર હજ કરવા જવાનાં હતાં. તેમાં એક ગરીબ યુવાન અબુ મહેનત કરીને હજ કરવા માટે પૈસા બચાવતો હતો. બધાં સાથે તે પણ હજ કરવા નીકળ્યો. રસ્તામાં કોઈએ સંદેશ આપ્યો કે તારા અબ્બાજાન બીમાર પડ્યા છે. અબુ યાત્રા પડતી મૂકી ઘેર પાછો ફર્યો. હજ યાત્રા માટે જમા કરેલી રકમ અબ્બાની માંદગીમાં ખર્ચાવા લાગી. તે હજ કરવા જઈ ના શક્યો. પોતાના વહાલા અબ્બાનની દિવસ રાત સેવા કરીને તેણે દુઆ મેળવી. અબ્બા તો ખુદાને પ્યારા થઈ ગયા. જેઓ હજ કરી પાછાં આવ્યાં, તેમાં એક મૌલવી પણ હતાં. અબુએ અફસોસ સાથે પોતે શા માટે હજ કરવા જઈ ના શક્યો તેની વાત કરી, ત્યારે ભલા મૌલવીએ કહ્યું, 'અબ્બુ બેટે, દિલ છોટા મત કરના.' રાત કો સપને મેં એક ફરિશ્તેને આકર મુજે કહા થા - 'ઈસ ગાંવ સે જો ભી હજ કરને આયે હૈં, ઉનમેં સે અલ્લાતાલાને કિસી કી ભી હજ કબૂલ નહીં કી હૈ. સિર્ફ એક અબુ, જિસને હજ કે લિયે ઈકટ્ઠે કિયે હુએ પૈસે અપને અબ્બા કી સેવા મે લગા દિયે હૈ, ઉસકી હી હજ કબૂલ કી હૈ. ભલે વો નહીં આયા લેકિન ખુદા જો ચાહતા હૈ, વહી ઉસને કિયા હૈ.'

સદ્‌ભાવના ધર્મની દીવાલો ઓળંગે છે.

થોડા દિવસ પહેલાં છાપામાં એક હૃદયસ્પર્શી સમાચાર વાંચવા મળ્યા. બે સહેલીઓ પડોશમાં રહેતી હતી. એક હિંદુ અને બીજી મુસ્લિમ હતી. બંનેના પતિની કિડનીઓ ખલાસ થઈ ગઈ હતી. જે હિંદુ પત્ની હતી એના પતિને મુસ્લિમ સહેલીએ અને મુસ્લિમ સહેલીએ હિંદુના પતિને કિડનીનું દાન કર્યું! મૈત્રીમાંથી જે ભાવ પ્રગટ્યો તેમાંથી સહાનુભૂતિ પેદા થઈ અને સહાનુભૂતિની ભાવનાએ મદદરૂપ થવાની સદ્‌ભાવના પ્રગટાવી. વર્તમાન સમયમાં તો એક ભાઈ પોતાના સગા ભાઈ માટે કે સંતાનો, માતા-પિતા માટે કિડની આપવા માટે તૈયાર થતાં નથી હોતા! ત્યારે આવા હિંદુ-મુસ્લિમ ધર્મની સહેલીઓની સદ્‌ભાવના અનોખી કહેવાય. વર્ષો પહેલાં અમદાવાદમાં બે કોમ વચ્ચે હુલ્લડો થયા હતાં, ત્યારે કરફ્યુની પરિસ્થિતિમાં દૂધની તંગી હતી. એ સંજોગોમાં હિંદુ માતાના

બાળકને મુસ્લિમ સ્ત્રી સ્તનપાન કરાવતી હોવાના સમાચાર તસવીર સાથે વાંચવા મળેલ. આ કહેવાય સાચી સદ્ભાવના.

લક્ષ્મણની સેવા જોઈને રડી પડ્યો

રામાયણ સિરિયલ જોઈને એક શહેરના રાજપૂત પરિવારનો રખડેલ અને ઉદ્ધત નાનો દીકરો દ્રવી ઊઠ્યો. મોટા ભાઈનું જે જરા પણ માન નહોતો રાખતો તેણે લક્ષ્મણજીને રામચંદ્રજીના પગ દબાવવાનું દૃશ્ય જોયા પછી તે જ રાત્રે મોટા ભાઈના પલંગમાં બેસી પગ દબાવવા માંડ્યો. પછી આંસુ સાથે બોલ્યો, 'મોટા ભાઈ, મેં તમને બહુ જ દુઃખ આપ્યું છે, આ નાનાભાઈને માફ નહીં કરો?' માનવીનું હૃદય ભલેને ગમે તેટલું કઠોર હોય પરંતુ કઠણ પહાડમાંથી જેમ મીઠાં પાણીની સરવાણી નીકળે છે, તેમ માનવીનું હૃદય પણ પશ્ચાતાપ અથવા સ્નેહના રૂપે ક્યારે વહેતું થઈ જશે તેની કલ્પના કરી શકાય નહીં. પૃથ્વીના પેટાળમાં જળની ધારાઓ વહેતી જ હોય છે, પરંતુ તેને માટે જમીન ખોદીને યા બોરિંગ કરીને ઊંડે સુધી પહોંચવું પડે છે. એ જ પ્રમાણે માનવીના હૃદય ઉપરના કઠોર ભાવ રૂપી સ્તરને તળિયે જઈને સ્પર્શ કરીએ તો માનવીમાં જાદુઈ પરિવર્તન થવું સંભવિત છે. પરિવર્તન માટે પ્રેરક શક્તિ જેટલી મહાન, પરિણામ એટલું જ જલદી પ્રાપ્ત થાય છે. આને માટે વાલિયા લૂંટારાનો પ્રસંગ તથા મહાત્મા બુદ્ધ અને હત્યારા અંગુલિમાનની ઘટના સદ્ભાવનાનું જ્વલંત ઉદાહરણ છે. લૂંટારો વાલ્મીકિ ઋષિમાં રૂપાંતર પામે છે અને હત્યારો અંગુલિમાન જ્ઞાની ભિક્ષુક બની જાય છે! આ છે સદ્ભાવના અને અભયનો જાદુ!

મૂઠી ઊંચેરો માનવી સદ્ભાવના સર્જે

સદ્ભાવનામાં સ્નેહ, સમાનતા, સહાનુભૂતિ, દયા, ક્ષમા, ત્યાગ વગેરે સર્વ ભાવનાઓનો સમાવેશ થઈ જાય છે. માનવ હૃદયમાં પેદા થતી આ શુભ ભાવનાઓથી સ્વયંનું અને સર્વનું જીવન ઉમંગ, ઉત્સાહ અને સુખ-શાંતિ તથા સંતોષથી પ્રફુલ્લિત બની રહે છે. જેમ કોઈ બગીચો ગુલાબ, મોગરો, ચમેલી, જૂઈ, પારિજાત, રાતરાણી વગેરે પુષ્પોની મહેંકથી શોભી ઊઠે છે, તેમ સદ્ભાવનાઓથી ભરપૂર જીવન પણ મધુર લાગે છે. ભાવ અને ભાવનાહીન જીવન વેરાન બગીચા જેવું યા ખંડિયેર ઈમારત જેવું શુષ્ક લાગે છે. સદ્ભાવના માનવીને મૂઠી ઊંચેરો બનાવી ગૌરવ અને ગરિમા બક્ષે છે.

સદ્ભાવનાને વહેતી સરિતા સાથે સરખાવી શકાય. સરિતા ક્યાંય અટક્યા વિના નિરંતર વહ્યા કરે છે. સદ્ભાવનાની સરિતા પણ સદા સર્વ આત્માઓ પ્રતિ ભેદભાવ વિના વહેતી રહેવી જોઈએ. પ્રેમ એ તો આત્માની પૂંજી છે. જેમ ખૂશ્બુ એ પુષ્પની સંપત્તિ છે તેમ પ્રત્યેક આત્મામાં પ્રેમ અને શુભભાવનાઓ સમાયેલ જ હોય છે. ચોર કે ડાકુમાં પણ તેનાં બાળકો માટે પ્રેમ હોય છે. માત્ર મનુષ્યે આત્માની આ સંપત્તિને પ્રકૃતિની જેમ સૌ માટે સમાન ભાવે વહેવડાવવાની જરૂર છે.

સુખની ચાવી

અમેરિકાનો એક ટી.વી. કલાકાર અને લેખક 'રોબિન લીચ' લખે છે, 'સેંકડો અમીર અને મશહૂર વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ લીધા પછી મને એ વાતની ખાતરી થઈ ચૂકી છે કે, દોલત અને શોહરત (માન અને શાન) મળવાથી જ માનવી સુખી નથી બની જતો. સુખ તો અંતરમાંથી સ્ફુરિત થાય છે. હું મારા ખિસ્સામાં દસ લાખ ડોલર સંઘરી રાખવાને બદલે દસ લાખ સ્મિત (મુસ્કાન) રાખવાનું વધુ પસંદ કરીશ.'

ભારતના કોઈ પણ ખૂણે નદીના પૂર કે વાવાઝોડાથી ગરીબોના ઘર તારાજ થઈ ગયા હોય, ત્યારે મધર ટેરેસા ત્યાં દોડી જતાં. તેમની આંખોમાંથી વહેતી દયાની, કરુણાની ભાવનાઓ અને હિંમતના બે શબ્દો દીન-દુઃખી અને હતાશ ચહેરાઓમાં હિંમત આશા-ઉત્સાહ અને પ્રભુ પ્રત્યે શ્રધ્ધાના ભાવ પ્રગટ કરતાં હતાં. તેઓ કહેતાં, 'જ્યાં જાઓ ત્યાં પ્રેમ વહેંચતા જાઓ. શરૂઆત પોતાના પરિવારથી કરો. પોતાનાં બાળકો, પતિ-પત્ની, પાડોશી સૌને પ્રેમ કરો. તમને મળવા આવનાર પાછો જાય ત્યારે ખુશ થઈને જાય. સ્નેહ અને સહાનુભૂતિ, આપની આંખો, ચહેરા, મીઠાં સ્મિત અને મધુર શબ્દોમાંથી છલકાયાં કરે.'

એક ચીની કહેવત યાદ રાખવા જેવી છે - 'જો આત્મામાં જ્ઞાન રૂપી પ્રકાશ છે તો માનવીના વ્યક્તિત્વમાં સુંદરતા પ્રગટ થશે. પછી ઘરમાં સદ્ભાવ પેદા થશે, જેનાથી દેશ-દુનિયામાં શાંતિના પ્રકંપનો ફેલાવશે.'

પ્રેમ - એક રચનાત્મક શક્તિ

'આત્મા કે લિયે અમૃત' નામે એક સુંદર અને પ્રેરણાદાયી પુસ્તક વાંચવા મળ્યું. જેક કેન્ફીલ્ડ અને માર્ક વિક્ટર નામના બે લેખકોએ બે વર્ષની હજારો કલાકની જહેમતને પરિણામે 100 થી વધુ પ્રેરણાદાયી સત્ય ઘટનાઓને સરળ ભાષામાં અર્કરૂપે આ પુસ્તકમાં પીરસી છે. માનવ હૃદયમાં રહેલી પ્રેમની, ઉદારતાની, હિંમતની, પશ્ચાતાપ અને ક્ષમાની, લાલન-પાલન અને પરોપકારની 100 જેટલી સત્ય ઘટનાઓ હૃદય પરિવર્તન કરવાની કેવી જાદુઈ શક્તિ પ્રેમમાં રહેલી છે. એ વાતની પ્રતીતિ કરાવે છે. એમાંથી એક ઘટના દિલને વધુ સ્પર્શે તેવી છે, જે અહીં રજૂ કરી છે.

ઘટનાનું નામ છે. 'પ્રેમ એક રચનાત્મક શક્તિ' આ પ્રેરક પ્રસંગના લેખક છે એરિક બટરવર્થ. એક કોલેજમાં સમાજશાસ્ત્રના પ્રોફેસરે પોતાના વિદ્યાર્થીઓને એક પ્રોજેક્ટ આપ્યો. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, 'બાલ્ટીમોરની ગંદી ઝૂંપડપટ્ટીમાં રહેતાં 200 બાળકોનો સર્વે કરો.' તેમની પરિસ્થિતિનો અભ્યાસ કરી તારણ પણ જણાવવાનું હતું કે, આ બાળકો ભવિષ્યમાં શું બની શકે એમ છે? દરેક વિદ્યાર્થીએ આ બાળકોની અવદશા જોઈને તારણ આપ્યું કે, 'આ બાળકનું કોઈ જ ઉજ્જવળ ભવિષ્ય નથી.'

પચીસ વર્ષ બાદ એ જ કોલેજમાં સમાજશાસ્ત્ર વિષય માટે બીજા પ્રોફેસરની નિમણૂક થઈ. એક દિવસ તેમની નજર પેલા પ્રોજેક્ટ પર પડી. તેમના મનમાં જિજ્ઞાસા પેદા થઈ, 'ચાલો, જોઈએ તો ખરા, કે પચીસ વર્ષ પહેલાંનું તારણ અત્યારે કેટલું સાચું છે?' તેમણે પણ પોતાના વિદ્યાર્થીઓને એક પ્રોજેક્ટ સોંપીને કહ્યું, 'બાલ્ટીમોર ઝૂંપડપટ્ટીમાં રહેનારા પચ્ચીસ વર્ષ પહેલાંના એ બાળકોને શોધી કાઢો અને એ અત્યારે તેઓ જીવનમાં કેટલાં સફળ થયા છે. એ જાણી લાવો.' તપાસ કરતાં જાણવા મળ્યું કે, 200માંથી 20 વિદ્યાર્થીઓ તો એ પ્રદેશની બહાર ચાલ્યા ગયાં હતાં. બાકી રહેલાં 180 માંથી 176 વ્યક્તિઓએ સામાન્યથી પણ વધુ કારકિર્દી બનાવી હતી. તેમનામાં કોઈ પ્રોફેસર તો કોઈ ડોક્ટર, કોઈ વકીલ તો કોઈ વ્યવસાયી બન્યાં હતાં! તેમણે સમાજમાં મોભાદાર સ્થાન પણ મેળવ્યું હતું.

આ હકીકતથી પ્રોફેસર ઝૂમી ઊઠ્યાં! એમણે આ ઘટનાના ઊંડાણમાં જવાનું નક્કી કર્યું. તેમણે ફરીથી વિદ્યાર્થીઓને મોકલીને પૂછાવ્યું કે, તમારી સફળતાનું રહસ્ય શું છે? બધાંએ એક જ જવાબ

આપ્યો, 'અમારી ટીચરને કારણે ટીચરને શોધી કાઢી. એને પૂછ્યું, 'તમે એવી તે કઈ જાદુઈ ફોર્મ્યુલાનો પ્રયોગ કર્યો કે જેથી એ ગંદા-ગોબરાં બાળકો ઝૂંપડપટ્ટીના અંધકારમય જીવનમાંથી સફળતાના શિખરે પહોંચી ગયાં?'

પ્રશ્ન સાંભળીને ટીચરની આંખોમાં ચમક આવી ગઈ અને હોઠ પર મધુર મુસ્કાન આવી ગઈ અને હોઠ પર મધુર સ્મિત. તેણીએ કહ્યું, 'આમાં કોઈ જાદુ નથી. હું તો બસ, એ છોકરાઓને પ્રેમ કરતી હતી.'

સંસ્કૃત ભાષામાં એક સૂત્ર છે - 'तेन त्यक्तेन भुंजीथा:' (તું ત્યાગીને મેળવ) અન્યને પ્રથમ આપ, પછી તને તે અચૂક મળશે. પહેલાં મેળવવાની ઈચ્છા ના રાખીશ, સ્નેહ, માન, સન્માન, પ્રશંસા, મીઠો આવકાર, સહયોગ, સહાનુભૂતિ આ બધું પ્રથમ આપીને જુઓ, ન્યૂટન મહાન વૈજ્ઞાનિક થઈ ગયા. તેમણે જીવનમાં પ્રયોગો કરવા જેવો સિદ્ધાંત આપ્યો, 'જેવી ક્રિયા કરશો, એવી પ્રતિક્રિયા મેળવશો.' સન્માન આપશો. સન્માન મળશે. સુખ આપો તો સુખ મળશે. સ્મિતની સામે સ્મિત અચૂક મળશે.

સદ્ભાવનાના ત્રણ સોપાનો

1. સ્વયં પ્રતિ સદ્ભાવના

2. સંબંધ અને સંપર્ક પ્રતિ સદ્ભાવના

3. સમાજ અથવા વિશ્વપ્રતિ સદ્ભાવના

1. સર્વ પ્રથમ સદ્ભાવનાની શરૂઆત સ્વયં પ્રતિ કેળવવાની ખૂબ જ જરૂર છે. પ્રથમ સ્વયંને આદર આપીએ. પોતાની અંદર રહેલી શક્તિઓ અને સંભાવનાઓને માટે ગૌરવ અનુભવીએ. આત્મવિશ્વાસ અને આત્મસન્માન કેળવીએ. પોતાના જીવનને પ્રેમ કરીએ. આપણી અંદર રહેલી કમી-કમજોરીને ઓળખી તેને દૂર કરીએ. સ્વયંને સમૃદ્ધ અને સક્ષમ બનાવીએ. સ્વયંના આત્માનું નવનિર્માણ કરીએ. લઘુતાગ્રંથિ કે ભયથી પાછા ન પડીએ. હિંમત અને દૃઢતાથી દરેક કાર્યને પાર પાડીએ.

2. પરિવાર, સ્નેહી-સંબંધીઓ પ્રતિ સદ્ભાવના એ મારા વિકાસનું દ્વિતીય સોપાન છે. મારા સ્વજનો પ્રતિ મારો વ્યવહાર સ્નેહભર્યો, ભાવનાસભર અને આત્મીય હોય. મિત્રો અને સ્નેહીજનો પ્રતિ હેત, સહયોગ, સહાનુભૂતિ અને કદરની ભાવનાથી હૃદય ભરેલું હોય.

3. સદ્ભાવનાનું ત્રીજું સોપાન મારા આત્માને સમગ્ર વિશ્વ સાથે જોડનારું છે. કવિ રવીન્દ્રનાથની વિશ્વવિખ્યાત સંસ્થા 'શાંતિ-નિકેતન'નો મુદ્રાલેખ છે. 'यत्र विश्वं भवति एक नोडम्' અહીં વિશ્વ માનવ પંખીઓનો એક માળો (એક પરિવાર) બને છે. આ ભાવના વિશ્વને એકતાના સૂત્રે બાંધે છે. આ સુંદર ધરતી પર માનવો કુટુંબની જેમ રહે એ ભાવનાને 'वसुधैव कुटुम्बकम्' કહે છે.

આ ભારતીય સંસ્કૃતિની ઉદાર ભાવનાનો ઋષિ મંત્ર છે. આ પૃથ્વી પર વસતાં સર્વ માનવોને પ્રભુનાં સંતાનો સમજી, ઊંચ-નીચ, અમીર-ગરીબ, ધર્મ-સંપ્રદાય, પંથ અને પ્રાંતના ભેદભાવ વિના 'સૌ મારાં સ્વજનો ભાઈ-બહેનો છે.' - એ ભાવના રાખી સ્નેહપૂર્વક સર્વ સાથે હળીમળીને રહેવાથી વિશ્વમાં શાંતિ અવશ્ય સ્થાપી શકાશે.

આટલું કરીએ

પરમાત્માને આપણે માતા-પિતા કહીને પ્રાર્થના કરીએ છીએ અને અંદર-અંદર ભાઈચારાની ભાવના રાખતા નથી. તૂ-તૂ-મૈં-મૈં કરીએ છીએ અને દિલમાં દીવાલો ચણીએ છીએ.

(અનુસંધાન પેજ નં. 32 પર)

રાજયોગ - જીવન જીવવાની કલા

બ્ર.કુ. ગાયત્રીબેન, કોલાબા, મુંબઈ

સર્વ યોગોમાં રાજા સમાન શ્રેષ્ઠ યોગ રાજયોગ છે - રાજયોગ દરેક ધર્મવાળા, દરેક દેશવાળા, નાના મોટા, કાળા-ગોરા, સ્ત્રી-પુરુષ બધા પ્રકારના લોકો શીખી શકે છે. રાજયોગ શીખવો સરળ હોવાથી તેને સહજ રાજયોગ પણ કહે છે, જે પ્રવર્તમાન સમયમાં સ્વયં પરમાત્મા દ્વારા શીખવાડવામાં આવે છે.

રાજયોગ અર્થાત્ પોતાની ભૃકુટીની મધ્યમાં બિરાજમાન જ્યોતિર્બિંદુ આત્મા સમજી, પરમ પિતા નિરાકાર જ્યોતિબિંદુ પરમાત્મા શિવની સ્નેહયુક્ત યાદ. રાજયોગમાં આત્મ-અનુભૂતિ, પરમાત્મા-સ્મૃતિ, સ્વદર્શન ચક્ર-લક્ષ્યની સ્મૃતિ, વિશ્વ નાટકના જ્ઞાન દ્વારા સમયની ઓળખાણનું શિક્ષણ અપાય છે. રાજયોગના અભ્યાસથી સંપૂર્ણ પવિત્રતા અને દિવ્ય ગુણોની પ્રાપ્તિ થાય છે. પવિત્રતા જ સુખશાંતિની જનની છે. પવિત્રતા જ સર્વ સમસ્યાઓનું સમાધાન છે. રાજયોગથી અનેક દિવ્ય શક્તિઓનો વિકાસ થાય છે. રાજયોગથી દુઃખ આપનારા વ્યસનો, દુર્ગુણો, વિકારોથી મુક્તિ મળે છે. રાજયોગથી સોળે કળા સંપૂર્ણ, સર્વ ગુણ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી બનાય છે. રાજયોગથી જીવન જીવવાની શ્રેષ્ઠ કળા પ્રાપ્ત થાય છે.

સંસારની સૌથી શ્રેષ્ઠ કલા છે. જીવન જીવવાની કલા (Art of Living) શરીરમાં આત્માનું હોવું એ જ જીવન છે. આત્મા છે તો તેની પાસે મન, બુદ્ધિ, સંસ્કારની સૂક્ષ્મ શક્તિઓ છે. આત્મા એક આધ્યાત્મિક શક્તિ છે, જેમાં અદ્ભુત ગુણોનો અને દિવ્ય શક્તિઓનો ભંડાર ભરેલો છે. આ ગુણો શક્તિઓના પ્રયોગ પર આધારિત જીવનને જ આદર્શ જીવન કહેવામાં આવે છે. આદર્શ જીવન જીવવાની તથા સુખશાંતિમય જીવન જીવવાની કલા યોગથી કેવી રીતે પ્રાપ્ત થાય તે માટે કેટલીક યુક્તિઓનો વિચાર કરીશું.

સકારાત્મક ચિંતન - Positive Thinking

પથ્થર તોડનાર બે શિલ્પીઓનું દૃષ્ટાંત બોધપ્રદ છે. એક શિલ્પી કહે છે હું પથ્થર તોડવાની કાળી મજૂરી કરી રહ્યો છું. બીજો શિલ્પી કહે છે કે હું તો મંદિરમાં સ્થાપન કરવા માટે ભગવાનની મૂર્તિ બનાવવાનું મહાન કાર્ય કરી રહ્યો છું. કાર્ય એક હોવા છતાં બંનેના ચિંતનમાં કેટલો તફાવત છે? સકારાત્મક ચિંતનથી જ સુખી થવાય છે અને જીવન હર્યુભર્યું લાગે છે. કાર્યનો આનંદ મળે છે.

આશાવાદી વલણ - Optimistic Attitude

એક વિદ્વાને યોગ્ય જ કહ્યું છે કે લાખો નિરાશાઓમાં એક અમર આશા છૂપાયેલી છે. આશા ન છોડવી, નિરાશ ન થવું. જેલના સળીયાઓ પાછળ ઉભેલા બે માનવીઓએ સામેના તળાવના પાણીમાં શું જોયું? એકે જળના કીચડમાં ખીલેલા કમળને જોયું તો બીજાએ જળમાં પ્રતિબિંબ રૂપે દેખાતા ચંદ્રમાં દાગ જોયો. એક કીડી દાણાને મોમાં પકડીને જતાં વારંવાર પડી જાય છે છતાં પ્રયત્ન ચાલુ જ રાખતાં લક્ષ્ય સ્થાને પહોંચી જ જાય છે. આ કીડીના દૃષ્ટાંતથી પણ બોધ મળે છે કે પુરુષાર્થ ચાલુ જ રાખવો. આશાવાદી વલણ કેળવવું. આજ નહિ તો કાલ મને સફળતા જરૂર મળવાની જ છે. એટલે જ પરમાત્મા કહે છે - 'સફળતા અર્થાત્ વિજય આપણો જન્મ સિદ્ધ અધિકાર છે.' નેપોલિયન જેવો સમ્રાટ પણ કહેતો

હતો કે, 'અશક્ય' જેવો શબ્દ મારી ડિક્ષનેરીમાં નથી. Nothing is Imposible કરોળિયો જાળ કરતાં ભોંય પર પડી પછડાય છે છતાં છેવટે જાળની રચના કરીને જ રહે છે. આશા ન છોડવી. પોઝીટીવ એપ્રોચ રાખવો.

શુભ ભાવના - Good Wishes

શુભ ભાવના અને શુભ કામના રાખી શુભ કાર્યો કરવાથી આપણને આશીર્વાદ દુઆઓ પ્રાપ્ત થાય છે. 'દુઆયેં દો, દુઆયેં લો.' આ અંગે રામ-રાવણની વાર્તા જાણવા જેવી છે. રામ એ સદાચાર સદ્‌ગુણોનું પ્રતીક છે. રાવણ એ દુરાચાર બુરાઈનું પ્રતીક છે. રામને શિવ પાસેથી શક્તિ મેળવવા એક વખત શિવલિંગની સ્થાપના કરવી હતી. લિંગની સ્થાપના અને પૂજા માટે બ્રાહ્મણની જરૂર હતી. રામ પાસે ક્ષત્રિય અને વાનરો જ હતા. રાવણ બ્રાહ્મણ હતો. પૂજા કાર્ય માટે હનુમાન રાવણને બોલાવવા ગયા પરંતુ હનુમાને રાવણને શત્રુ સમજીને બોલાવ્યો તો રાવણ આવ્યો નહિ. ત્યારબાદ લક્ષ્મણ રામની આજ્ઞાથી ગયા અને રાવણને માન-સન્માન આપી નમ્રતાથી વિવેકપૂર્વક બોલ્યા, 'હે લંકેશ્વર, બ્રાહ્મણોમાં અતિ ઉત્તમ, તમને વનવાસી શ્રીરામ પૂજા કાર્ય માટે બોલાવે છે.' તો તે તૈયાર થઈને આવે છે. પછી રામ રાવણને દક્ષિણારૂપે કાંઈ પણ માંગવાનું કહે છે તો તે ના પાડે છે. પરંતુ રામે ખૂબ જ આગ્રહપૂર્વક વિનંતી કરી કે તું જે માંગીશ તે હું તને આપીશ. તો રાવણ અંદરથી જાણતો હતો કે રામ ખૂબ સદાચારી છે. તેથી રાવણ રામ પાસે માંગે છે કે, 'હે રામ મને એટલું વરદાન આપો કે હું ક્યારેય તમારી શુભ ભાવનાઓથી, સદ્‌ગુણોથી પ્રભાવિત ન થઉં.' આ વરદાન માંગી રાવણ પોતાની આસુરી વૃત્તિઓને પ્રગટ કરે છે, કે જેને તે છોડવા તૈયાર નથી, કહેવાનો અર્થ એ કે દુરાચારી દુરાચારથી ડરતો નથી. પરંતુ સદાચારથી ડરતો હોય છે. પોઝીટીવ સદા નેગેટીવથી સ્ટ્રોંગ શક્તિશાળી હોય છે. તેથી હંમેશા યાદ રાખો કે 'શુભ ભાવનાથી જ દુર્ભાવના પર વિજય મળે છે.

પ્રશંસા - Appreciation

બીજાની પ્રશંસા કરો. બીજાના સારા કાર્યની કદર કરો. ખુદ પોતાની પણ કદર કરો. સ્વમાન (Self respect) કેળવો. ભૂલ થઈ જાય તો ભૂલનો સ્વીકાર કરો. આ માટે એકરાર કરવાની શક્તિ જોઈએ. ભૂલનો સ્વીકાર કરી દિલગીરી દર્શાવવાથી આપણી મહાનતા વધે છે. બ્રહ્માબાબા કોઈની ભૂલ તરફ ધ્યાન ખેંચાવતા પહેલાં તેની પ્રશંસા કરતા જેથી દુઃખ ન થાય.

તનાવ મુક્ત જીવન - Tension Free Life

Tension Free Life - તનાવ = તન + આવ. તનના ભાનમાં આવવાથી દેહભાનને કારણે (ટેન્શન) આવે છે. ટેન્શનને કારણે ચિંતાને લીધે ડીપ્રેશન, અનિદ્રા, એસીડીટી, બ્લડ પ્રેશર જેવા અનેક રોગ ઉદ્‌ભવે છે. ટેન્શન, સ્ટ્રેસ એ એક પ્રકારનું દર્દ છે, જે મને બોધ આપી રહ્યું છે કે હે આત્મા, તારે કંઈક શીખવું પડશે અને હવે તારી જાતને બદલવી પડશે. આ દર્દ એક સંદેશ વાહક બનીને આવે છે, જે આપણને કંઈક શીખવાની પ્રેરણા આપી રહેલ છે. એક સ્લોગન યાદ રાખવા જેવું છે. 'બદલા ન લો, બદલ કર દિખાઓ.' મોલ્ડ થનાર ગોલ્ડ બને છે. એક સૂત્ર યાદ રાખો - 'ગમશે, ફાવશે, ચાલશે.' પરિસ્થિતિઓનો સ્વીકાર (Accept) કરો. ઓલ્ટરનેટીવ વિકલ્પ શોધો. નેગેટીવને અવગણો (Avoid) કેટલાક સ્ટ્રેસને ટ્રાન્સફર કરી હળવાશ અનુભવતા હોય છે. એક આદમી પોતાના બોસની જોહુકમીથી તંગ આવી જતાં ટેન્શન અનુભવતાં પોતાના ઘેર બોસનો ફોટો રાખી ખીલી ઠોકતો

જાય છે અને જુએ છે કે કેટલીક ખીલીઓ લાગી છે? પહેલાં પોતાને બદલીને પરિસ્થિતિઓએ બદલવાનું વિચારો. હેલીકોપ્ટરની જેમ ઉપર ઉડીને પરિસ્થિતિઓની ઉપર જઈને પોતાની પરિસ્થિતિનો ઉકેલ લાવો, સમાધાન સ્વરૂપ બનીને સમસ્યાઓનો અંત લાવો.

વ્યર્થથી મુક્તિ - Liberty from waste

વ્યર્થ સંકલ્પ, વ્યર્થ બોલ, વ્યર્થ કર્મ, વ્યર્થ ભાવથી મુક્ત બનો. વ્યર્થ સંકલ્પની હારમાળા ઉધઈની જેમ આત્માની શક્તિઓને કોરી ખાય છે. લીકેજનું કાર્ય કરી ખાલીપણાનો અનુભવ કરાવે છે અને મડદાની જેમ દુર્ગંધ ફેલાવે છે.

વ્યર્થ સંકલ્પથી મુક્ત બનવા બીજાના દોષ ન જોવા. પરચિંતન ન કરવું. શ્રીમતનું ઉલ્લંઘન ન કરવું. ભૂતકાળની વાતોને વાગોળવી નહિ. પૂર્વગ્રહ અને અનુમાનને તિલાંજલી આપવી, ઈર્ષા, દ્વેષ, નિંદા, ખોટી હરીફાઈથી બચવું. જેલસી (ઈર્ષા) જેલ ભેગી કરે છે. વ્યર્થ વાતો, નિંદા-કુથલી સાંભળવી નહિ. વ્યર્થ જોવું નહિં, વ્યર્થ બોલવું નહિ. કર્મની ગહન ગતિને સમજી વ્યર્થ કર્મ કે વિકર્મથી બચવું.

નેગેટીવથી મુક્તિ - Liberty from Negativity

ફોટાની નેગેટીવ જોવી ગમતી નથી જ્યારે પોઝેટીવ જોવી ગમે છે. નેગેટીવટી - નકારાત્મકતાને કારણે દુઃખ દર્દ પેદા થાય છે અને જીવન બોજારૂપ લાગે છે. ગાંધીજીના ત્રણ વાંદરાઓનું ચિત્ર બોધપદ છે કે - ‘બુરા મત સુનો, બુરા મત બોલો, બુરા મત દેખો.’ પરમાત્મા તો તેથી પણ આગળ જઈને કહે છે - બુરા મત સોચો, બુરા મત કરો. નેગેટીવીટીથી મુક્ત બનવા અંગ્રેજીના C (સી) અક્ષરથી શરૂ થતા સાત શબ્દોથી મુક્ત બનો.

~ Criticism (ક્રીટીસીઝમ) આલોચના ન કરો.

~ Comparision (કંપેરીઝન) તુલના પરસ્પર ન કરો.

~ Correction (કરેક્શન) સુધારણા માટે ટોકવાનું બંધ કરો.

~ Complain (કંપ્લેઈન) ફરિયાદ કરવાનું છોડો.

~ Care Lessness (કેરલેસનેસ) લાપરવાહી છોડો.

~ Comment (કોમેન્ટ) ટિપ્પણી કરવાનું બંધ કરો.

~ Competition (કોમ્પીટીશન) ખોટી હરીફાઈ ન કરો.

નકારાત્મકતાને છોડવાથી જ જીવનમાં સાચી શાંતિ અને ખુશી આવશે.

દિવ્યગુણોની ધારણા - Divine Virtues

જીવન જીવવાની કળા માટે દિવ્ય ગુણોની ધારણા અનિવાર્ય છે. સહનશીલતા, પવિત્રતા, મધુરતા, નમ્રતા, અંતર્મુખતા, નીડરતા, પ્રસન્નતા, ગંભીરતા, સંતુષ્ટતા, ધૈર્યતા જેવા દિવ્ય ગુણો ધારણ કરો. Tolerance is tonic of Life સહનશીલતા સુખશાંતિનો આધાર છે. સહન કરીશું તો શહેનશાહ બનીશું. ઠોકર ખાઈશું તો ઠાકુર બનીશું. સહન કરવું અર્થાત આગળ વધવું. વૃક્ષ પથ્થર મારનારને ફળ આપે છે તેવી રીતે આપણે પણ અપકારી પર ઉપકાર કરવો. ક્રોધમુક્ત બનવું. આવેશમાં ન આવવું. સહનશીલતા દિવ્ય આભૂષણ છે. નમ્રતા માટે કહેવાય છે નમે એ સૌને ગમે, અંતર્મુખતા માટે કહેવાય છે કે અંતર્મુખી સદા સુખી, સંતોષી નર

સદા સુખી, ખુશી જૈસી ખુરાક નહીં, ધીરજનાં ફળ મીઠાં.

ધીરજ માટે એક દૃષ્ટાંત બોધદાયક છે. એક આદમી હતો, જેનામાં થોડી પણ ધીરજ ન હતી. કોઈ સાધુએ તેને કહ્યું કે તું રોજ સવારે ઉઠીને ભગવાનને પ્રાર્થના કર અને ધીરજ માગ. તે માનવી રોજ પ્રાર્થના કરતો અને કહેતો હતો કે, 'હે ભગવાન, મને ધીરજ આપ, ધીરજ આપ, પરંતુ જલદી કર.' આમ ઉતાવળાપણું નુકસાનકારક છે.

નિર્વિઘ્ન અને વિઘ્ન વિનાશક જીવન જીવવા માટે ગુણોના પતિ ગણપતિ, ગુણોના ઈશ્વર ગણેશનું દૃષ્ટાંત બોધલક્ષી છે. ગણપતિનું મોં હાથીનું છે, પેટ મોટું છે, આંખો ઝીણી છે અને વાહન ઉંદરનું છે. મોટું પેટ વિશાળ દિલ રાખી દરેક વાત સમાવવાનું દર્શાવે છે. ઝીણી આંખ સૂક્ષ્મ દૃષ્ટિ દીર્ઘદૃષ્ટિ દૂરંદેશીતાનો ગુણ સૂચવે છે. ઉંદર જેવું નાનકડું વાહન હલ્કાપણું વેઈટલેસ સ્ટેજ સૂચવે છે. હાથી વફાદારી આજ્ઞાકારિતા, નમ્રતા, ડહાપણ, પરિપક્વતા, જવાબદારીની ભાવના, ઉમંગ હિંમત વગેરે ગુણોનું પ્રતીક છે. આ ગુણોથી રિદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અંતનિર્હિત મૂલ્યો (Innate Values) અને પ્રાપ્ત કરેલ મૂલ્યો (Acquired Values) ના સંવર્ધનથી, વિકાસથી શ્રેષ્ઠ જીવન જીવી શકાય છે.

દિવ્ય શક્તિઓ - Divine Powers

સુખ-શાંતિમય, પ્રેમ-આનંદપૂર્ણ જીવન જીવવા માટે દિવ્ય શક્તિઓની પ્રાપ્તિ આવશ્યક છે. મુખ્ય શક્તિઓ નીચે મુજબ ગણાવી શકાય. એકાગ્રતાની શક્તિ, શ્રેષ્ઠ સંકલ્પોની શક્તિ, સાઈલેન્સની શક્તિ, સહન શક્તિ, સમેટવાની શક્તિ, પારખવાની શક્તિ, નિર્ણય કરવાની શક્તિ, સામનો કરવાની શક્તિ, સહયોગ આપવાની શક્તિ, મનન શક્તિ, સ્નેહની શક્તિ, સત્યતાની શક્તિ, પવિત્રતાની શક્તિ, રૂલીંગ અને કંટ્રોલીંગ પાવર, કાચબાની જેમ વિસ્તારને સંકીર્ણ કરવાની શક્તિ, પરિવર્તન શક્તિ, એડજસ્ટ થવાની શક્તિ

વિદેહી સ્થિતિ અને બેલેન્સ - Soul Consciousness & Balance

ધર્મ અને કર્મનું બેલેન્સ જરૂરી છે. યાદ અને સેવાનું, ગંભીરતા અને રમણિકતાનું, ન્યારા અને પ્યારાનું, લૌકિક અને અલૌકિક જીવનનું બેલેન્સ ખૂબ જરૂરી છે. નટ હાથમાં લાકડી રાખી બેલેન્સ સાચવી દોરડા પર નાચ કરતો ચાલે છે. જે કલા ગણાય છે. ધર્મ અને કર્મના બેલેન્સ માટે જનક વિદેહીનું દૃષ્ટાંત જાણીતું છે. વિદેહી સ્થિતિ કેવી રીતે ધારણ થાય તે માટે જનક રાજા એક સંન્યાસીને હાથમાં દીપક લઈને મહેલની પ્રદક્ષિણા કરવાનું જણાવે છે. પરંતુ દીપક ઓલવાય નહિ તે શરતે. સંન્યાસી પ્રદક્ષિણા કરીને પાછો આવે છે ત્યારે જનક તેને મહેલ કેવો લાગ્યો તેના વિશે પૂછે છે ત્યારે સંન્યાસી પ્રત્યુત્તરમાં જણાવે છે કે મારું ધ્યાન તો દીપક પર જ હતું. તેથી મહેલની કલાકારીગરી વિશે મને ખબર નથી. આમ આત્મિક સ્થિતિમાં ધ્યાન પરોવીને કર્મ કરતા રહેવું, યોગયુક્ત રહી કર્મ કરવા જેને કર્મયોગીની વિદેહી સ્ટેજ કહે છે. સાક્ષીભાવ કેળવવો. અનાસક્ત જીવન જીવવું, બેહદની વૈરાગ્યવૃત્તિ કેળવવી. સંસારથી ન્યારા અને પ્રભુના પ્યારા રહેવાના બેલેન્સની કળા શીખી લેવી. વિદેહી બની યોગ અને કર્મનું બેલેન્સ જાળવવું.

સંસ્કાર પરિવર્તન - Transformation

યોગથી પુરાણા આસુરી સંસ્કારોનો વિનાશ

(અનુસંધાન પેજ નં. 26 પર)

યજ્ઞ પ્રહરી, યજ્ઞ રક્ષક, યજ્ઞના વિશ્વકર્મા

દાદા ચંદ્રહાસજી

બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



કરોડો દેશવાસીઓ ત્યારે શાંતિથી સૂઈ શકે છે, જ્યારે કેટલાક બહાદુર સૈનિકો સરહદ પર પોતાનો જીવ જોખમમાં મૂકીને રાષ્ટ્રની રક્ષા કરે છે, તેઓ ત્યાગ અને બલિદાનથી પોતાની અમર ગાથા લખે છે. દુનિયા જાણે કે ન જાણે, પરંતુ તેઓ દેશનું ગૌરવ બની ગરિમા વધારે છે. તેવી જ રીતે, શિવપિતા દ્વારા રચિત રુદ્ર ગીતા જ્ઞાન યજ્ઞની રક્ષા કરનાર એક સતર્ક સેનાની, યજ્ઞ પ્રહરી - યજ્ઞ રક્ષક હતા 'દાદા ચંદ્રહાસ જી.' તેઓ બ્રાહ્મણ પરિવારના સરતાજ, આદિ રતન, શિવશક્તિ પાંડવ સેનાના વરિષ્ઠ-અગ્રણી રૂહાની યોદ્ધા, વિજયી પાંડવ હતા. તેમણે હંમેશા યજ્ઞના સ્થૂળ અને સૂક્ષ્મ સંસાધનોનું રક્ષણ કર્યું અને અમર શહીદોની જેમ નામ-માન-શાનની કુર્બાની આપી, તેઓ અવિસ્મરણીય રૂહાની મિલિટ્રીના સફળ સેનાની સાબિત થયા. સમય-સંકલ્પ-શ્વાસ અને સર્વસ્વ ત્યાગ કરનાર દાદાએ અંતિમ શ્વાસ સુધી પોતાની તમામ શક્તિ લગાવી, દિલથી સેવા કરી. સચ્ચાઈ-સફાઈ-ઈમાનદારીના બળે યજ્ઞના ઈતિહાસમાં અમીટ સ્થાન બનાવ્યું અને એક આદર્શ સ્થાપિત કર્યો.

દાદાનો લૌકિક જન્મ સિંધના હૈદરાબાદમાં થયો હતો. પિતા 'જુહરમલજી'એ તેમનું નામ માધવ (સિંધી ભાષામાં 'માધૌ') રાખ્યું હતું. પિતાનો જાપાનમાં બિઝનેસ હતો, અચાનક કોબે શહેરમાં આવેલા ભૂકંપમાં પિતા મૃત્યુ પામ્યા, ત્યારે તેઓ માત્ર ૬ મહિનાના હતા. પિતાના અવસાનનું દુઃખ માતા સહન ન કરી શકવાને કારણે તેમનું પણ અવસાન થયું. પછી ૬ વર્ષના માધૌની સંભાળ માસીએ લીધી. માસીના મોટા પુત્રને બે પુત્રો અને બે પુત્રીઓ (મનમોહિનીદીદી અને શિલેદ્રા દાદી) હતા. માસીના અવસાનથી ફરી દુઃખનો પહાડ તૂટી પડ્યો ત્યારે તેઓ નાની પાસે આવ્યા. દાદાના નાની બ્રહ્માબાબાના ઘર પાસે રહેતા હતા. નાનીએ તેમને કહ્યું, 'બાબાનું જ્ઞાન સાંભળનારને ભગવાનના દર્શન થાય છે.' ત્યારે તેઓ પણ ઓમ મંડળી પહોંચ્યા તો જોયું કે બાબા ગીતાના શ્લોક સંભળાવતા, ઓમની ધ્વનિ કરતા ત્યારે માતાઓ ધ્યાનમા જતી રહેતી અને કહેતી, 'સખીઓ, કૃષ્ણ આવ્યા છે.' આ જોઈને દાદાને આશ્ચર્ય થયું. બાબા પવિત્રતાની સમજ આપતા તો બાબાની જાદુઈ ઓજસ્વી વાણીથી પ્રભાવિત થઈ સામાન્ય સ્ત્રી-પુરુષ પણ પવિત્રતાના માર્ગ પર ચાલવા લાગ્યા. તેમનાથી પ્રેરાઈને, પવિત્રતાનો દૃઢ સંકલ્પ લઈ, તેઓ સ્વચ્છ અને પવિત્ર જીવનનો આનંદ માણવા લાગ્યા.

પવિત્રતાનું વ્રત લીધેલી માતાઓના પતિઓ જ્યારે વિદેશથી પરત ફર્યા ત્યારે માતાઓએ કહ્યું કે, 'કામ વિકાર તો વિષ છે, તે વિષ ન હું પીઈશ કે ન પીવડાવીશ.' તો માંસ-મદિરાનાં વ્યસની બની ચૂકેલ, વિષય-વાસનાઓમાં વ્યસ્ત પતિઓને પવિત્ર રહેવું મુશ્કેલ લાગ્યું. તે માતાઓમાં પ્રકાશમણિદાદીની બહેનો, સતી દાદી અને કિસનીદાદીના પતિઓએ યુવાનોને ઉશ્કેરી હંગામો મચાવ્યો અને ઓમ મંડળીને આગ ચાંપી

દીધી. પરંતુ 'જિસકો રાખે સાંઈયા, માર સકે ના કોઈ' એ કહેવત પ્રમાણે - લાક્ષાગૃહની આગમાં બચેલા પાંડવોની જેમ, સત્સંગીઓ પણ બચી ગયા. શિવબાબાની મદદથી દરેકની સ્થિતિ ખૂબ જ શાંત અને સ્થિર હતી. બાબાએ ઓમ મંડળીને ઓમ નિવાસમાં શિફ્ટ કરી, જેમાં બાળકો માટે બોર્ડિંગ બનાવવામાં આવી. સત્સંગ થવા લાગ્યો. દાદા પણ સાયકલ પર સત્સંગમાં જઈને શાળાએ જતા. નારાજ એન્ટી-ઓમમંડળીએ બોર્ડિંગનાં બાળકોને લઈ ધરણાં કરવાનું શરૂ કર્યું, તો બાબાએ ઓમનિવાસને કરાંચીમાં શિફ્ટ કર્યો. કેટલાક પરિવારો પણ કરાંચી આવી ગયા. એકલા જ્ઞાનમાં ચાલવાવાળા હતા તેઓ હૈદરાબાદમાં રહી ગયા, જેમાં દાદાનો પણ સમાવેશ થતો હતો.

જે જ્ઞાનામૃત માટે તરસ્યા દાદા, 'બીન પાની મછલી' ની જેમ તરફડવા લાગ્યા. કેટલીક માતાઓ-બહેનો છૂપી રીતે કરાંચી જતી રહેતી, તો દાદા પણ તેમની સાથે આવીને સમર્પિત થયા અને જ્ઞાનામૃતની તરસ છીપાવવા લાગ્યા. એટલામાં એન્ટી-ઓમમંડળી જૂથે વોરંટ બહાર પાડ્યું ત્યારે મુખ્યમંત્રી ખુદ દાદાને પોતાની કારમાં બેસાડી કરાંચીમાં, તેમનાં જ બનેવી પાસે મૂકી ગયા. દાદા શુદ્ધ ભોજનનાં નિયમમાં મક્કમ હતા તેથી ૭-૮ દિવસ કંઈ ન ખાધું તો કમજોર થઈ ગયા, તેથી 'તેનું શરીર ન છૂટી જાય' એ ડરથી બનેવીએ પોતે ભોજન બનાવીને ખાવાની છૂટ આપી. દાદાએ તેમને કહ્યું, 'તમારા પાપના પૈસા હું નહીં વાપરું.' આથી તેઓ કપડાં સીવીને ૬-૮ આના કમાતા, અનાજ લાવતાં, રોટલી બનાવી દૂધ-રોટલી ખાતાં. જ્યારે પણ મોકો મળતો મુરલી સાંભળવા જતા. બનેવીને ખબર પડતી તો તેઓ ખૂબ માર મારતા. એક દિવસ બાબાએ તેમને સ્વપ્નમાં પત્ર લખવાની યુક્તિ બતાવી. પછી દાદાએ કલેક્ટરને પત્ર લખ્યો, 'આ મને બહુ મારે છે, હું મરીશ તો તમે તેના જવાબદાર હશો'. એ પત્રને કપડાંમાં એવી રીતે રાખ્યો કે કોઈપણ તેને જોઈ શકે. જ્યારે સંબંધીઓએ પત્ર જોયો તો વાંચીને સંબંધીઓ ડરી ગયા અને તેમને બંધનમુક્ત કર્યા, ત્યારે દાદા કાયમ માટે બાબા પાસે પહોંચી ગયા.

એક વાર સંદેશીએ ધ્યાનમાં કલ્પવૃક્ષનું ચિત્ર જોયું, તો બાબાએ વિશ્વરતનદાદા પાસે ઝાડનું ચિત્ર બનાવડાવ્યું. ત્યારે બધાનો અભિપ્રાય પૂછતાં દાદાએ કહ્યું, 'બાબા, આમાં પુનરાવર્તનનું રહસ્ય તો સ્પષ્ટ નથી થતું.' તો બાબાએ કહ્યું, 'એ કેવી રીતે સ્પષ્ટ થશે?' તેથી દાદાએ ગોળા (સૃષ્ટિ ચક્ર)નું ચિત્ર બનાવ્યું, ત્યારે બાબાએ ખુશ થઈને તેમને 'ચંદ્રહાસ' નામ આપ્યું, (ચંદ્રહાસના ભાગ્યનું વર્ણન શાસ્ત્રોમાં છે). ગુલઝારદાદીજી સૂક્ષ્મવતનથી દરેકના અવ્યક્ત નામો લાવ્યાં, ત્યારે બાબાએ કહ્યું, 'સંન્યાસીઓ સન્યાસ લીધા પછી તેમના નામ બદલે છે, તમે બાળકો તો સાચા સન્યાસી છો, તેથી બાબાએ તમારા પણ નામ બદલ્યાં છે.' ત્યારે દાદાને પણ શિવબાબા દ્વારા અવ્યક્ત નામ મળ્યું 'ગુલઝાર મોહન' ૫-૬ વર્ષ પછી બાબાએ તેમને તેમના લૌકિક સંબંધીઓની સેવા માટે મોકલ્યા તો સંબંધીઓ ખૂબ ખુશ થયા.

કરાંચીમાં ભઠ્ઠીમાં વિતાવેલા ૧૪ વર્ષ સ્વર્ગ સમાન હતા. ભાઈઓમાં દાદા જ એક એવા બાંધેલ કુમાર હતા જેમણે ત્રાસ સહન કરીને બંધનો તોડી નાખ્યા હતા, તેથી બાબા દાદાને અપાર પ્રેમ કરતા અને રાજકુમારની જેમ પાલના આપતા, ત્યારે માતા-પિતા અને બંધુ-સખાની ભાસના આવતી. યજ્ઞવત્સોને રસગુલ્લા - રસમલાઈ જેવી મીઠાઈઓ મળી શકે એ માટે બાબાએ કલકત્તાથી હલવાઈને બોલાવ્યો. તેણે માતાઓને મીઠાઈ બનાવતા શીખવ્યું. યજ્ઞમાં ૮-૧૦ ગાયો હતી, દૂધની કોઈ

કમી નહોતી. બાબા રોજ નવી-નવી મીઠાઈઓ ખવડાવતા. તે સમયે ભણેલા-ગણેલા લોકો પણ સમર્પિત થવા લાગ્યા. તેમાં એક મુસ્લિમ ભાઈ પણ હતો, જેનું નામ બાબાએ આપ્યું 'ઋષિ' દાદા તેમની પાસેથી અંગ્રેજી શીખતાં અને બીજાને અંગ્રેજી ભણાવતા. દરરોજ સાયકલ પર ક્લિપ્ટન જઈ બાબાની મુરલી સાંભળતા, બાદમાં તેઓ કુંજ ભવન જઈને માતાઓને મુરલી સંભળાવતા. બાબા તેમને મમ્માને મુરલી આપવા માટે મોકલતા અને ક્યારેક દેશી ઘી લાવવા હૈદરાબાદ મોકલતા તો તેઓ ત્યાં સિંધી શેઠ-શાહુકારોને ઇશ્વરીય સાહિત્ય ભેટ આપતા.

ભારત-પાકિસ્તાન અલગ થયા તો સંબંધીઓ બોલાવવા લાગ્યા. મનમોહિની દીદીના કાકા મુલચંદજીએ ખર્ચો આપવાનો વાયદો કર્યો તો તેઓ પણ ઓમમંડલી સાથે આબુ આવ્યા. આબુ આવ્યા પછી સંબંધીઓએ મુલચંદજીને કહ્યું, 'જો તમે ખર્ચ આપશો એટલે યજ્ઞ ચાલતો રહેશે તો આપણી બહેનો-માતાઓ કેવી રીતે પાછી આવશે?' આથી તેઓ તેમના વાયદાથી ફરી ગયા અને યજ્ઞમાં બેગરી પાર્ટ (આર્થિક સંકટ) શરૂ થયો. તો દાદાએ એક દિવસ બાબાને પૂછ્યું, 'બાબા, હું ધંધો કરું?' તો બાબાએ કહ્યું, 'દીકરા, કોડીઓનાં કાળા ધંધાને બદલે જ્ઞાન રત્નોનો ધંધો કરવાનો ઉમંગ કેમ નથી થતો?' તેથી દાદા લૌકિક બહેનના આમંત્રણ પર મુંબઈ ગયા. ત્યાં લિટરેચર છપાવી સેવા કરતા. તેમણે એક દિવસ સપનું જોયું કે યજ્ઞમાં પૈસાની ઘણી ખેંચ પડી રહી છે. તેથી પાંચસો-છસ્સો રૂપિયા ભેગા કરી ટપાલ દ્વારા મોકલ્યા. આશ્ચર્ય! તે જ દિવસે રાશન ન હતું અને સમયસર પૈસા મળ્યા, બ્રહ્માભોજન બન્યું. એકવાર દાદાને કોલકાતાથી ભાઈએ પત્ર દ્વારા જણાવ્યું કે, જે સિંધીઓ પાકિસ્તાનમાં મિલકતો છોડીને આવ્યા છે, તેઓને સરકાર વળતર ચૂકવી રહી છે. તેથી અરજી કર્યા પછી પૈસા મળ્યા, તો દાદાએ તે પૈસાથી ગિન્નીઓ (અશર્ફીઓ)ના બે હાર બનાવી, બાબા-મમ્માને પહેરાવ્યા ત્યારે બાબાએ તેમને પોતાનાં પ્રેમાળ ખોળામાં સમાવી સ્વર્ગીય સ્નેહ આપી વહાલ કર્યો.

ચંદ્રહાસદાદાનું પરમ સૌભાગ્ય જ હતું કે તેમને બાબાનો ખૂબ જ નજીકનો સંગ મળ્યો, તેઓ બાબા સાથે બેડમિન્ટન રમતા. એકવાર દાદા બાબાને માલિશ કરી રહ્યા હતા ત્યારે એક મજૂર માતા ત્યાં આવીને ઊભી રહી. બાબાએ દાદાને કહ્યું, 'જુઓ, દીકરીને શું જોઈએ છે?' માતાએ કહ્યું, 'બાબાને રાખડી બાંધવી છે.' બાબાએ તેમની ભાવના જોઈ તેમની પાસે રાખડી બંધાવી. બાબાની આજ્ઞા મુજબ દાદાએ તેમને ખર્ચી અને પ્રસાદ આપ્યા. બાબાએ પૂછ્યું, 'કેટલા પૈસા આપ્યા?' તો દાદાએ કહ્યું, 'બે રૂપિયા' તો બાબાએ કહ્યું, 'ફક્ત બે રૂપિયા?' બાબાના ઈશારાને સમજી દાદાએ વીસ રૂપિયા આપ્યા તો માતા બાબાના પ્રેમ અને ઉદારતાથી પ્રભાવિત થઈ ગઈ. યજ્ઞવત્સોને સવારે તાજું દૂધ મળે એટલે વિશ્વકિશોરદાદા ગાય લેવા સિરોહી ગયા. પરંતુ ગાય ટ્રકમાં ચઢતી ન હતી તો તેનો માલિક સાથે આવ્યો. રાત્રે ગાય દોરડું તોડીને સિરોહીમાં તેના માલિક પાસે ભાગી ગઈ. બે દિવસ સુધી ગાયની શોધ કરી પણ મળી નહિં. પરંતુ ત્રીજા દિવસે જ્યારે માલિક ગાય લઈને આવ્યો ત્યારે બાબાએ મુરલીમાં કહ્યું, 'જુઓ, ગાય તેના માલિકને ભૂલી નહિં, પરંતુ આપ બાળકોની આટલી સંભાળ રાખ્યા પછી પણ તમે બાબાને ભૂલી જાઓ છો.' બાબાની દાદા અને બીજા બાળકોને શીખવવાની રીત ખૂબ રમણિક હતી.

આબુમાં કોટા હાઉસથી પોખરણ હાઉસ

(પાંડવ ભવન) આવ્યા, જ્યાં ઘણી જમીન હતી, ત્યારે બાબાએ તેમને હિસ્ટ્રી હોલના નિર્માણ કાર્યમાં નિમિત્ત બનાવ્યા. બાબા અવ્યક્ત થયા ત્યારે દાદા શાંતિસ્થંભ બનાવવાનાં નિમિત્ત બન્યા. ત્યારબાદ, ટ્રેનિંગ સેન્ટર, ઈન્દ્રપ્રસ્થ, વિશાલ ભવન, લાઇટ હાઉસ વગેરે મકાનો બનાવી, તેઓ બધાને સુખ આપવાનાં નિમિત્ત બન્યા. દાદા કહેતાં, 'હું એન્જિનિયર તો નહોતો, પણ બાબાએ બનાવી દીધો,' જાણે બાબાએ તેમને વિશ્વકર્માનું વરદાન આપી દીધું. નવું મકાન તૈયાર થતું તો બાબા કહેતા કે તેમાં રહીને જુઓ, કોઈપણ અગવડને કારણે પાર્ટીને તકલીફ ન પડે. મિસ્ત્રી તેમને 'બાબુજી' કહીને બોલાવતા, તો બાબા પણ નમ્રતાથી 'બાબુજી' કહેતા. આથી બધા તેમને 'બાબુજી' કહેતા. એક દિવસ કામદારો જમવા ગયા ત્યારે તેઓ સૂઈ ગયા. તો બાબાએ હસીને પૂછ્યું, 'દીકરા! આરામ કરો છો?' તો તેમણે કહ્યું, 'બાબા, જેના માથે જવાબદારી હોય ત્યારે વ્યક્તિ કેવી રીતે સૂઈ શકે?' તો બાબાએ કહ્યું, 'દીકરા, શું તારા ઉપર જવાબદારી છે?' તો બાબાનો ઈશારો સમજી ગયા કે કર્તાહર્તા તો બાબા છે અને તેઓ તો માત્ર નિમિત્ત કર્તા છે. એવી જ રીતે એક વખત દાદા સેવાની દોડભાગને કારણે થોડા થાકી ગયા હતા. નિર્મળશાંતા દાદી કલકત્તા જઈ રહ્યા હતા. બાબાએ દાદાને કહ્યું, 'આજનું રેકોર્ડીંગ કરેલું ભાષણ તૈયાર કરી દાદીને આપો.' તો દાદાએ કહ્યું, 'આજે હું બહુ થાકી ગયો છું. બે દિવસ પછી પોસ્ટ દ્વારા મોકલી દઈશ. બાબાએ હસીને કહ્યું, 'દીકરા, ભોજન માટે સમય છે, પણ મુરલી માટે નથી.' આ સાંભળી દાદાએ કહ્યું, 'આખો દિવસ કામ કર્યા પછી પણ તમે મને જ કહો છો, બીજાને નહીં.' તો બાબાએ પ્રેમથી કહ્યું, 'દીકરા, હું ઠપકો નથી આપતો, આ બાબાનો પ્રેમ છે. બીજાને કહીશ તો તેઓ નારાજ થશે. પણ મને તારા પર વિશ્વાસ છે, એટલે જ હું તને કહું છું, જો તું કહે તો તને નહિં કહું, તારા ફક્ત વખાણ જ કરીશ.' બાબાના એ અધિકારયુક્ત પ્રેમભર્યા શબ્દોને કારણે દાદાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ, તેમણે ફરી ક્યારેય ફરિયાદ ન કરી.

દાદા બાબાને પ્રેમથી માલિશ કરતા, પરંતુ બાબા સેવા લેવા માંગતા ન હતા, તેથી ના પાડતા. ત્યારે તેઓ રમણિક અંદાજમાં કહેતા, 'બાબા, હું તમને નહિં, શિવબાબાના રથને માલિશ કરી રહ્યો છું. આ (શરીરરૂપી) રથ તો તમે શિવબાબાને ભાડે આપ્યો છે.' બાબાને સ્નાન કરાવતા કહેતાં, 'બાબા, હું તમારાં કરતાં પણ મોટો ભક્ત છું, દ્વાપરમાં તમે શિવબાબાનું હીરાનું શિવલિંગ બનાવી, ફળ-ફૂલ, દૂધ ચઢાવી પૂજા કરશો. શિવબાબા સ્વયં તમારા શરીરમાં ચેતન્યમાં બેઠા છે, શિવબાબા તો તમારા અંગ-સંગ છે. તમે બંને બાબા ભેગા છો એટલે તમને બાપદાદા કહેવાય છે. તો, શિવબાબા અને આપ ગ્રેટ ગ્રેટ ગ્રેન્ડફાધર એમ બન્ને પરમ પૂજ્ય આત્માઓ પર હું ગરમ પાણીની ડોલમાંથી જળનો અભિષેક કરીને પૂજા કરી રહ્યો છું.' આ ચતુરાઈભર્યો જવાબ સાંભળીને બાબા હસી પડતા. બાબાનું મસ્તક પણ શિવલિંગ જેવું ભાસતું હતું.

બાબા કહેતા, 'બાળકો, જેટલા જ્ઞાનરત્નો ધારણ કરશો, તેટલા હીરા સતયુગમાં તમારા તાજમાં હશે. તેથી દાદાને જ્ઞાનરત્નો પ્રત્યે ખૂબ પ્રેમ - શોખ હતો, જ્યારે પણ યજ્ઞમાં બે નવા ટેપ મશીન આવ્યા ત્યારે તેઓ મુરલી રેકોર્ડ કરતા. મુરલી રેકોર્ડમાં બાબાનાં અવાજ પહેલાં તેમનો અવાજ સંભળાતો. આપે જ સાકાર મુરલીઓનો સંગ્રહ કરીને જ્ઞાનરત્નોનો ખજાનો એકઠો કર્યો છે.

(અનુસંધાન પેજ નં. 26 પર)

મોટા ઘરનું તેડું

બ્ર.કુ. નીતાબેન, પાટણ

મૃત્યુ એટલે શું?

મૃત્યુ આત્માની અવિરત અનંતયાત્રાનું અલ્પવિરામ માત્ર છે. આત્મા શરીરરૂપી વસ્ત્ર ધારણ કરીને વિરાટ વિશ્વના સ્ટેજ ઉપર બેહદના નાટકમાં પોતાનો ભાગ ભજવે છે. આત્માની ચેતનતાના સ્પર્શે શરીર પણ એવું ચેતનવંતુ બની જાય છે. દેહ અને દેહના સંબંધોમાં જ જીવનનો અર્થ સીમિત બની જાય છે. આત્મા પોતાનો પાર્ટ પૂરો થતાં શરીર છોડીને ચાલ્યો જાય છે. જેને આપણે મૃત્યુ કહીએ છીએ. ત્યારે અચાનક આપણે ક્ષણ માત્ર જાગીએ છીએ. મૃત્યુને મૂકપણે જોઈએ છીએ. દુઃખી થઈએ છીએ અને વળી અજ્ઞાનની નિંદ્રામાં સરી જઈએ છીએ.

- ‘મૃત્યુ એટલે દેહ અને દેહીનું છૂટા પડવું. કાર્યોત્સર્ગ શરીરમાંથી છૂટી જવું.’
  - શ્રી મહાવીર સ્વામી
- મૃત્યુ એટલે આંખો મીંચી દેવી **- બુદ્ધ**
- મૃત્યુ એટલે માનવીની કાયા જ્યારે પોતાનામાંથી મૃત વસ્તુઓને બહાર ફેંકતી અટકી જાય છે. ત્યારે કાયાને મરી ગયેલી સમજવી. **- શ્રી અનુભવાનંદજી**
- મૃત્યુ એટલે ઈન્દ્રિયોનું હોલવાઈ જવું.
  - સુરેશ દલાલ
- મૃત્યુ એટલે મૃત્યુ સાથેનું હસ્તધૂનન.
  - ઉમાશંકર જોષી
- જીંદગી એટલે પંચમહાભૂતનું ક્રમમાં ગોઠવવું અને મોત એટલે આ જ ટુકડાઓનું અલગ થવું.

~ મૃત્યુ એટલે પાંચ ભૌતિક આકારથી આત્માનો વિયોગ

~ મૃત્યુ એટલે શરીર સાથે આત્માના અબોલા.

~ મૃત્યુ એટલે પ્રાણ પંખેરું ઉડી જવું.

~ મૃત્યુ એટલે મહાનિંદ્રા. અજાણ્યા જીવન તરફ પ્રયાણ.

~ મૃત્યુ એટલે જગતથી વિયોગ અને જગતેશ્વરથી યોગ.

~ મૃત્યુ એટલે દેહાકૃતિનું અદૃશ્ય થવું.

~ મૃત્યુ એટલે શ્વાસનું થંભી જવું.

~ મૃત્યુ એટલે જીવનું શિવ સાથેનું મિલન.

~ મૃત્યુ એટલે શરીરનો મન અને ઈન્દ્રિયોનો સેતુ તૂટવો.

~ મૃત્યુ એટલે દેહાકૃતિનું અદૃશ્ય થવું.

~ મૃત્યુ એટલે શ્વાસનું થંભી જવું.

~ મૃત્યુ એટલે જીવનું શિવ સાથેનું મિલન.

~ મૃત્યુ એટલે શરીરનો મન અને ઈન્દ્રિયોનો સેતુ તૂટવો.

~ મૃત્યુ એટલે જીવનનો પડછાયો

~ મૃત્યુ એટલે જીવનનો માપદંડ છે.

~ મૃત્યુ એટલે જીવનનું સાચું પ્રતિબિંબ છે.

~ મૃત્યુ એટલે જીવવાની દૃષ્ટિ છે.

~ મૃત્યુ એટલે જીવવાનો અંતિમ અંદાજ છે.

~ મૃત્યુ એટલે જીવવાનું પરિણામ છે.

~ મૃત્યુ એટલે જીવવાનો ઉત્તર.

~ મૃત્યુ એટલે એક એવી એલાર્મ છે તમે સુવાના

લાખ પ્રયત્ન કરો તો પણ તે જગાડી દે છે.

~ કબીરજીએ મૃત્યુને કન્યાના લગ્ન પ્રસંગ સાથે સરખાવ્યું છે.

~ 'કરલે શ્રૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા, મિટ્ટી ઉડાવન, મિટ્ટી બિછાવન મિટ્ટી મેં મિલ જાના હોગા, નાહ લે, ધો લે, શિશ ગૂંથા લે, ફિર વહાં સે નહીં આના હોગા.'

~ મૃત્યુ એટલે પૂર્ણવિરામ નહીં અલ્પવિરામ છે.

~ મૃત્યુ એક પાગલ ખૂની છે, ગમે ત્યારે શહેર છોડાવે છે.

~ મૃત્યુ વગર નોટિસે આવે છે અને ક્ષણ પણ થોભતું નથી. આપણી અરજી કે મરજી ચાલતી નથી.

~ મૃત્યુ જીવનનો અંત નહીં બીજા જીવનની શરૂઆત છે.

~ મૃત્યુ જીવનનું વિશ્રામસ્થાન છે. જંકશન સ્ટેશન છે. પરિવર્તનનો મહોત્સવ.

~ મૃત્યુ જીવનની આરસી અને પરિણામ છે. જીવવાનો ઉત્તર છે.

~ મૃત્યુ ખુદાબક્ષ મુસાફર વગર ટીકીટે મન ફાવે ત્યાં જાય છે.

~ મૃત્યુ એક રીઢો ગુનેગાર છે. ગમે તે સ્ટેશને જિંદગીનો સામાન લઈને ઉતારી શકે છે.

~ મૃત્યુ મકાન માલિક જ નહીં શહેર માલિક છે. મન ફાવે ત્યારે વગર નોટિસે શહેર ખાલી કરાવે છે.

~ મૃત્યુ એક પાગલ ખૂની છે. ભર બપોરે સેંટ્રલની ફ્લાઈટ કેન્સલ કરાવી શકે છે.

~ મૃત્યુ એટલે સોનાનું પતરું. એ કાટથી ખવાતું નથી. લખાયેલા અક્ષર કદી ભૂસાતા નથી.

~ મૃત્યુ એવો અજાણ્યોપ્રદેશ છે. જેની સરહદ એકવાર ઓળંગ્યા પછી કોઈ પાછું ફરતું નથી.

આપણા જીવનમાં આવતા જન્મ લગન અને મૃત્યુ જેવા ત્રણ પ્રસંગોમાં આપણે સગા-સંબંધીઓની સાથે મળીને ઉજવીએ છીએ. પ્રથમ બે પ્રસંગોને ખુશીના પ્રસંગો ગણવામાં આવેછે. અને ગમે તેટલા વર્ષે વિદાઈ લે છતાં મૃત્યુને શોકને જ પ્રસંગ ગણવામાં આવે છે. માટે કોઈ આપણા ત્યાં આવે તે આપણને ગમે છે પરંતુ વિદાઈ લે તે ગમતું નથી. માટે મૃત્યુના પ્રસંગને શોકને પ્રસંગ ગણવામાં આવે છે.

આ સંસાર મુસાફરખાનું છે. આપણે સહુ મુસાફરી કરી રહ્યાં છીએ. જીવનની મુસાફરીમાં ભગવાને આપણને સહુને રીટર્ન ટીકીટ આપીને જ મોકલ્યા છે. કઈ તારીખ અને કેટલા વાગે તે વાંચી શકતા નથી. પરંતુ જવાનું નિશ્ચિત છે. ટીકીટ છે ત્યાં સુધી મુસાફરી કરો. ટીકીટ પૂરી થાય એટલે ઉતરવું જ પડશે. આપણે જે સ્ટેશનની ટીકીટ લઈને બેઠા છીએ તે સ્ટેશન આવે તે પહેલાં ઉતરવાની તૈયારી કરવાની હોય છે. આપણા જીવનની મુસાફરીમાં આપણે ચેક કરીએ કે શું મેં આવી કોઈ તૈયારી કરી છે. ખરી ? આ મુસાફરીમાં આપણી સાથે શું આવવાનું છે? આપણે તો કહેતા આવ્યા કે ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાનું. પરંતુ પ્રભુએ આપણને ખાલી હાથે નથી મોકલ્યા. કોઈ ભૌતિક ચીજો પદાર્થો નહીં. પરંતુ શ્રેષ્ઠ કર્મો અને પ્રભુ યાદની કમાણી કરી લઈએ. મુસાફરીમાં ઘણીવાર એટલા સારા મુસાફરોનો સાથ મળી જાય છે. જેમનો સાથ છોડવાનું મન થતું નથી. તેઓ આપણી પહેલાં ઉતરે કે પછી પરંતુ આવા મુસાફરોનો સાથ આપણે છોડવા માગતાં નથી. પરંતુ તેમનું સ્ટેશન પહેલાં આવી જાય તો તેમને અથવા આપણું સ્ટેશન પહેલાં આવે તો

આપણે ઉતરવું તો પડે જ છે. ઘણીવાર એવા કોઈ સંઘર્ષયુક્ત સ્વભાવવાળા મુસાફરના સાથથી દૂર રહેવા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ આ મુસાફરની સીટ આપણી બાજુમાં જ હોય તો બદલી શકતા નથી. થોડા સમય માટે નિભાવી લઈએ. જીવનની મુસાફરીમાં અતિ સ્નેહીના જવાથી દુઃખી ન થઈએ. તેમની ટીકીટ પૂરી થઈ ગઈ છે. આપણે પણ આગળ સ્ટેશન આવે એટલે ઉતરવાનું જ છે. ઘણાને મન પસંદ સાથી ન મળતાં નિરાશા હતાશા આવી જાય છે. પરંતુ આપણે સદા યાદ રાખીએ આ મુસાફરી છે. આપણે મુસાફરીનો આનંદ લેવાનો છે. તેઓ પણ સ્ટેશન આવતાં વિદાઈ લેશે.

આત્મા અજર અમર અવિનાશી છે. પાણી ભીંજવી ન શકે. શસ્ત્રો છેદી ન શકે. અગ્નિ બાળી ન શકે અને પવન સુકવી પણ ન શકે. આત્મા અમર છે. શરીર એક ગાડી છે. તેને ચલાવનાર આત્મા ડ્રાઈવર છે. જેમ શરીર મોબાઈલનું બોક્સ છે તો આત્મા સિમકાર્ડ છે. શરીર યંત્ર છે તો આત્મા યંત્રને ચલાવનાર શક્તિ છે. માટે જ આપણે દુઃખી થવાની જરૂર નથી. આપણા ઘરમાંથી ગયેલો આત્મા બીજા કોઈ ઘરમાં ગયો છે. આ શરીરરૂપી ડ્રેસ અને એડ્રેસ બદલાઈ જાય છે. જેમ આપણી પાસેથી આથમી ગયેલો સૂરજ બીજે ક્યાં તો રોશની આપી રહ્યો છે. તેમ આપણા ઘરમાં માતમ હોય છે. પરંતુ જે ઘરમાં આત્મા જાય છે ત્યાં ખુશી હોય છે. કુદરતના નિયમ આગળ આપણે કશું જ કરી શકતા નથી. ફૂલ ખીલે છે તે સાંજ પડે ત્યારે કરમાઈ પણ જાય છે. તેમ જે જન્મ્યું તે મરણ પણ પામે છે.

હાડકાં માંસનું બનેલું આ શરીર નર્ક સમાન નઠારું છે. આપણે તેમાં લોભાયમાન ન થઈએ. આપણે આત્મા તો પક્ષી છીએ. આ પાંજરું થોડા સમય માટેનું આશ્રયસ્થાન છે. આ દુનિયા એક પંખીનો મેળો છે. આપણેસહુ આત્માઓ અલગ અલગ જગ્યાઓથી ઉડીને આવ્યા ભેગા મળ્યા છીએ ચણ ચણીને પાછાં ઉડી જવાનું છે. ઘણાં પક્ષીઓ એવા હોય છે. જેઓ ન શાંતિથી જીવન જીવે ન બીજાને જીવવા દે છે. પરંતુ યાદ રાખીએ દુનિયા જ પંખીનો મેળો છે. આપણે પણ સદા રહેવાનું નથી.

જીવન અને મૃત્યુ એ સિક્કાની બે બાજુઓ છે. જન્મ અને મૃત્યુ એ જીવન રૂપી સરિતાના બે કિનારા છે. જન્મ અને મૃત્યુ એ રથના બે પૈડાં છે. જડ અને ચેતનનો વિયોગ થતાં મૃત્યુ થાય છે.

~ ફ્રેન્ચ ગાયક અને સંગીતકાર જેક્વીસ બ્રેટે એ મૃત્યુ વિશે કહ્યું છે કે To die is wonderful but to grow old... Oh.

‘આ દુનિયા અજબ સરાય ફાની દેખી
હર ચીજ યહાં કી આતી જાતી દેખી.
જો આ કે ન જાયે વો બુઢાપા દેખા
ઔર જાકર ન આયે વો જવાની દેખી.’

યુવાનીમાં આપણી પાસે પ્રભુને યાદ કરવા, સતકર્મ કરવા સમય નથી. જ્યારે ઘડપણ આવે ત્યારે આપણાથી થતું નથી. યુવાનીમાં કરાય નહીં અને ઘડપણમાં થાય નહીં તો પ્રભુને યાદ ક્યારે કરીશું?

મૃત્યુ એ જીવનનો બીજો છેડો છે. બીજો કિનારો છે.

~ વિલિયમ શેક્સપિયરે મૃત્યુ વિશે કહ્યું છે કે ‘મૃત્યુ એ એવા અજાણ્યા પ્રદેશનો પ્રવાસ છે. જ્યાંથી કોઈ મુસાફર પાછો નથી ફરતો. 'Death is a voyage so that undiscovered country from whose voyage no traveler returns.' કોઈ કવિએ ખૂબ સરસ કહ્યું છે કે ‘દુનિયા સે જાનેવાલે જાને ચલે જાતે હૈ કહા?

કૈસે ઢૂંઢ ઉસે કોઈ નહીં કોઈ કદમો કે નિશાન'

~ મૃત્યુ એ જીવનનો અંત નથી. આ જીવનમાંથી બીજા જીવનમાં જવાની શરૂઆત છે.

~ 'વાંસાસિ જીર્ણાની યથા વિહાય. નવાનિ ગૃહણાનિ નરોપરાણિ, તથા શરીરાણિ બિહાય જીર્ણા, ન્યન્યાનિ સંયાતિ નવાનિ દેહી.'

જે પ્રમાણે મનુષ્ય જૂનાં વસ્ત્રો ઉતારીને નવાં વસ્ત્રો ધારણ કરે છે. તે જ પ્રમાણે આ જીવ પણ જૂનાં શરીર છોડી નવો દેહ ધારણ કરે છે. **- ગીતા**

આ શરીર એક વસ્ત્ર છે. શરીરરૂપી વસ્ત્રને ધારણ કરનાર આત્મા અજર અમર અવિનાશી છે. વસ્ત્ર જૂનું થાય ત્યારે જૂનું કપડું છોડીને ખુશી ખુશીથી નવું વસ્ત્ર પહેરીએ છીએ. આપણે જન્મ જન્માન્તર અનેક શરીરરૂપી વસ્ત્રો છોડીને આવ્યા છીએ અને આ શરીર પણ છોડીને જવાનું છે. માટે શરીર સાથે વધુ પડતો મોહ દુ:ખી બનાવે છે.

~ જેમ આપણને નાટકમાં રાજાનો રોલ મળ્યો હોય ત્યારે ડાયરેક્ટર આપણને રાજાનો ડ્રેસ આપે છે. આપણે રાજાના ડ્રેસ સાથે મમત્વ થઈ જાય. નાટક પૂરું થાય ત્યારે ડાયરેક્ટરને ડ્રેસ પાછો ન આપીએ તો ચાલે નહીં. આપણને પણ આ સૃષ્ટિ નાટકમાં ભગવાને શરીરરૂપી ડ્રેસ આપ્યો છે હવે જેને જેવો ડ્રેસ મળ્યો છે આપણો ઈરાદો બદલાઈ ગયો છે. આ ડ્રેસ પાછો આપવા માગતાં જનથી. પરંતુ આ શરીર પણ ભાડાનું ઘર છે. ખાલી કરવું જ પડશે.

~ આપણો જન્મ તો માત્ર મૃત્યુનો પ્રારંભ છે.

~ આપણી જન્મની કિનારી ઉપર મોત ઘૂમે છે.

~ આપણા જ પારણામાં આપણી કબર મૂકાઈ છે.

~ જ્યાં કિસ્મતનું તીર છૂટ્યું ત્યાં બખ્તર શા કામનું? જ્યાં તકદીરનો હુકમ નીકળ્યો ત્યાં ઢાલશા કામની? લોખંડ પોલાદથીતારા કિલ્લાની દીવાલ મજબૂત કરે, પણ ફરમાન આવી પહોંચ્યું ત્યારે વાર શા કામની?

- હાફેજ

~ આયા હૈ સો જાયેગા રાજ રંક ફકીર કોઈ સિંહાસન ચઢ ચલે કોઈ બાંધા જંજીર.

~ કોઈ આજ ગયા કોઈ કલ ગયા. કોઈ જીવન દ્વાર ખડા, નહિ કાયમ મુકામ યહાં, ચિર કાલસે યહી રિવાજ રહા.

~ મૃત્યુ એ સત્ય અને સર્વત્ર છે. મૃત્યુ નિત્ય અને અનિવાર્ય છે.

મૃત્યુના પ્રકારો

~ જન્મ મૃત્યુ	~ કુદરતી મૃત્યુ
~ અકસ્માત મૃત્યુ	~ બીમારી મૃત્યુ
~ આપઘાત મૃત્યુ	~ ખૂન મૃત્યુ
~ વૃદ્ધાવસ્થા મૃત્યુ	~ ઈચ્છા મૃત્યુ
~ સંથારો મૃત્યુ	~ સમાધિ મૃત્યુ

મૃત્યુ કોઈપણ પ્રકારે થાય પણ આપણને વ્યથિત કરે છે. આપણા સ્નેહી સંબંધીની કમી મહેસૂસ કરી દુ:ખી થતાં રહીએ છીએ. આટલા વર્ષો સુધી જેમની સાથે રહ્યા તેમની અચાનક વિદાઈ સહી શકતા નથી. આવા સમયે કોઈના દિલાસારૂપે આવેલા શબ્દો થોડા સમય માટે સાંત્વના જરૂર આપે છે. પરંતુ સત્યને તો સ્વીકારવું જ પડે છે. ગયેલી વ્યક્તિને ગમે તેટલા આંસુ સારીને પણ પાછી નથી લાવી શકતાં. આપણે દુ:ખ વ્યક્ત કરીને આપણે સ્નેહીજનને વધારે દુ:ખી કરીએ છીએ. આવા સમયે ધીરજ શાંતિ અને સમજના આધારે શાંતિનું દાન આપવામાં આવે તો તે ઉત્તમ દાન છે. આ જ આપણી સાચી ફરજ છે.

~ એક ઉર્દૂ શાયરે કહ્યું કે 'લાયી હયાત આયે કઝાસે લે ચલી વહાં ન અપની ખુશી સે આયે ન અપની ખુશી સે ચલે.'

~ જે ઉગ્યુ તે આથમે ખીલ્યું તે કરમાય એ જ નિયમ છે જગતનો જે જન્મે તે જાય.

~ મોત કી કીસ સે રસગારી. આજશ ઉનકી તો કલ અપની બારી હૈ.

~ મૃત્યુ જેટલું નિશ્ચિત છે એટલું જ અનિશ્ચિત પણ છે. મૃત્યુ ક્યાં? ક્યારે? કેવી રીતે? કેવું આવશે તેની જાણ નથી. મૃત્યુના આગમનની કોઈને ખબર નથી હોતી.

~ 'યૂં તો સબ મરણ કે રાહી, એક દી મર જાતે હૈ, ધન્ય ઉસી કો જો મરકર ભી નામ અમર કર જાતે હૈ.'

~ એક દિન જીવો દો દિન જીવો. જીવો વરસ પચાસ. કહત કબીર સુનો ભાઈ સાધો તોય મરણ કેરી આશા.

~ ક્યાં સૂરજનું ઉગવું કે ડૂબવું જિંદગી ગુજરી ગઈ છે બે ખબર, એવી સિફતથી શબ એ ઢાંક્યું કે ખબર પડતી નથી કે કાયા આ છે કે કબર? **- સુરેશ દલાલ**

~ વેડફી નાંખો નહિ 'બેફામ' મિથ્યા જિંદગી મૌત જ્યારે આવશે એની જરૂરત લાગશે.

~ જન્મ અને મૃત્યુ હો નિશ્ચે જગતમાં થાય છે. કેટલું નહીં કેવું જીવ્યા એજ યાદ રહી જાય છે.

~ 'ક્યાંથી આવ્યો ક્યાં જવાનો વિચારજે. જિંદગીના ચોપડામાં સરવાળો માંડજે. ખાલી હાથે આવ્યો ખાલી હાથે જવાનો, જિંદગી ફૂલ છે, સુવાસ તું ફેલાવજે.'

~ યહ ખુશ નસીબી તો દેખિયેગા કિ વો મેરી મૈયત પર આજ આયે ખબર ન લી ઉમ્રભર જિન્હોંને ઉન્હીં કે કંધો પર જા રહા હૂં.

~ આપણને આપણાં સગાં સંબંધી જેમની સાથે અતિશય મોહ હોય છે ત્યારે વિચારીએ છીએ કે મારા ગયા પછી આ લોકોનું શું થશે? આપણે સદા યાદ રાખીએ જે લોકો આપણને કહે છે કે તમારા વિના મને ચાલશે નહીં તેમનું ખૂબ સારું ચાલે છે. આપણે ખોટા મોહમાં ફસાઈને દુ:ખી થતા રહીએ છીએ. કોઈ કવિએ ખૂબ સરસ કહ્યું કે 'ચાહનારની ચિતા પર કોઈ ચડતું નથી. કહે છે કે મરી જઈશ પાછળ કોઈ મરતું નથી. દેહને બળતો જોઈ આગમાં કોઈ કૂદતું નથી. અરે, આગમાં તો શું? રાખને પણ કોઈ અડતું નથી.'

~ 'મોત સમયે આ જીવનો સાર એ જ સમજાય છે પાપી પણ પાવન બને એવા અનુભવ થાય છે. નામ જેઓએ લીધું નહોતું કદી જીવનમાં રામનું, એમને ઉંચકી જનારા રામ કહેતા જાય છે.'

~ 'કઠણ ચોટ છે કાળની રે, મરણ મોટેરો માર રે. તેમાંથી નવ ઉગરે કોઈ નરપતિ કે નાર રે, મરનારાને શું રુઓ રોનારાં છે જનાર રે, આજનો વારો એહનો કાલ આપણો.'

~ સન્માન કેવું પામશો મૃત્યુ પછી ગની, જોવા તમાશો કદી ગુજરી જવું પડે છે.

~ મંઝિલને ઢૂંઢવા દિશા કપરી જવું પડે, છોડી જૂનું વતન નવી નગરી જવું પડે. **- અમૃત ઘાયલ**

~ ખરેખર જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત હોય છે.

~ જન્મ લેતાં જ પોક મૂકી હતી એ કારણે મેં

~ બેફામ મૃત્યુ વિશે કહે છે કે રડ્યા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી હતો મારો જ એ અવસર ને મારી હાજરી નહોતી.

~ છૂટ્યા જ્યાં શ્વાસ ત્યાં સંબંધ સૌ છૂટી ગયા બેફામ, હવા પણ કોઈએ ના આવવા દીધી કફનમાંથી

~ મૃત્યુ શરીરની રક્ષા કરનારની અને ધરતી ધનની રક્ષા કરનારને હસે છે.

~ અંત સમય જેટલો નજીક માનતા રહીએ તેટલું જીવન સુંદર બનતું જાય છે. અને અસુંદર બનતું અટકી જાય છે.

~ એક કવિએ કહ્યું છે કે 'એક દિ હમ સૈર પે નિકલે દિલ મેં બડે અરમાન થે, એક હડ્ડી પૈર પે લગી ઉસકે યે બયાન થે ચલનેવાલે જરા સંભલકર ચલો, હમ ભી તો કભ ઈન્સાન થે, જહાં સે તરી ડોલી ઉઠી વહાં સે મેરા જનાજા નીકલા ફૂલ તુમ પર ભી થે ફૂલ હમ પર ભી થે, પર તુમકો કહારોને ઉઠા રખા થા હમકો યારોને ઉઠા રખા થા, તુમ સે રહા ના ગયા, પર્દા ઉઠાકર પૂછ હી લિયા, કહાં સે આયે થે. કીધર કો ચલ દીયે, હમને ભી કફન ફાડ કે જવાબ દીયા, અરે જીધર સે આયે થે ઉધર ચલ દીયે.

~ બડે ગૌર સે સુન રહા થા જમાના, તુમ્હીં સો ગયે દાસ્તાં કહેતે કહેતેં.

~ 'ગગરી ફૂટ ગઈ તો જલ કા ક્યા હોગા? ડાલી ગર ટૂટ ગઈ તો ફલ કા ક્યા હોગા? આશાઓં કે અનગિનત અંબાર લગાનેવાલા સાંસે ગર ખૂટ ગઈ તો કલ કા ક્યા હોગા?

~ તમારી વિદાય થતાં કદાચ બંગલો ભલે ન બદલાય પણ નેઈમ પ્લેટ જરૂર બદલાય છે.

~ શાયદ ઈસી કા નામ દુનિયા હૈ, કોઈ આ રહા હૈ કોઈ જા રહા હૈ, ઈધર દુલ્હા ઘોડે ચઢકે જા રહા હૈ, ઉધર જનાજા ઉઠા કે જા રહે હૈ.

~ ખુશી કે સાથ દુનિયામેં હજારો ગમ ભી હોતે હૈ, જહાં બજતી હૈ શહનાઈ વહાં માતમ ભી હોતે હૈ.

~ મરણ છૂટે નહીં પ્રાણીયા કરતાં કોટી ઉપાય સૂર નર વિદ્યા ધરા રે સહુ એક જ મારગ જાય.

~ મળે છે દેહ માટીમાં માનવીના નામ જીવે છે, મરે છે માનવી પોતે પણ માનવીનાં કામ જીવે છે.'

આપણે સિઝનમાં મળતાં અનેક ફળોમાં કોઈ ફળ ન ભાવે તો નથી ખાતા પરંતુ કર્મોનું ફળ એવું છે કે ન ભાવે પરંતુ ખાવું પડે છે. કહેવત છે કે ને 'જેવું વાવો તેવું લણો.' જેવાં કર્મો કરીએ તેનું ફળ ભોગવવું જ પડે છે. માટે આપણે એક વાત સદા યાદ રાખીએ કે કોઈને સુખ ન આપી શકીએ તો ચાલશે પરંતુ દુઃખ ક્યારેય ન આપીએ. કોઈને હસાવી ન શકીએ તો કોઈની આંખમાં આંસુ લાવવાના નિમિત્ત તો ક્યારેય ન બનીએ.

આપણે જન્મથી મૃત્યુ પર્યંત બધું ભેગું કરતા રહ્યા. પરંતુ જે સાથે આવવાનું છે તે ભેગું ન કર્યું. બાળપણમાં મળેલું પ્રથમ છઠ્ઠીનું વસ્ત્ર ખિસ્સા વિનાનું હતું અને છેલ્લે મળેલું કફન પણ ખિસ્સા વિનાનું. પરંતુ વચ્ચે જીવનભર ફોગટ ખિસ્સા જ ભરતાં રહ્યાં જે સાથે આવવાના નથી. આપણી સાથે સારાં કર્મો અને પરમાત્માની યાદ રૂપી બિસ્તર અને પેટી સાથે આવશે. અત્યારથી તેની તૈયારી કરી લઈએ.

~ ક્યા હજી સાજી છે, હાથમાં હજી બાજી છે. ત્યાં લગી પ્રભુને રાજી કરી લેવાની તક તાજી છે.

~ તને મોટા ઘરનું તેડું જ્યારે આવશે, આના કાની જરીએ ચાલશે નહીં, બિસ્તર પણ તને નહિ લેવા દે, સંદેશો પણ નહિ કહેવા દે, તારા ઘરમાંથી ભાઈ તને એકલો ઉપાડશે, સગા

(અનુસંધાન પેજ નં. 32 પર)

(પેજ નં. 15નું અનુસંધાન)... **રાજયોગ જીવન**

થાય છે અને નવા દૈવી સંસ્કારોની ધારણા થાય છે. સુખી જીવન માટે સંસ્કારોનું પરિવર્તન જરૂરી છે. દોષ દૃષ્ટિ દૂર કરી ગુણગ્રાહી દૃષ્ટિ કેળવવી, હંસ જેવી ક્ષીર-નીર ન્યાયવૃત્તિ કેળવવી, હંસની જેમ અવગુણોને છોડી ગુણોને અપનાવવા. કથની-કરનીમાં સમાનતા લાવવી. પરિવર્તન શક્તિ માટે ગુલાબ અને સમુદ્રનું ઉદાહરણ ટાંકી શકાય. ગુલાબનો છોડ જમીનના નીચેના મળ-મૂત્રનું ખાતર ચૂસીને ફૂલ રૂપે સુગંધ આપે છે. સમુદ્ર નદીઓ દ્વારા આવેલા આવેલા કચરાને પેટાળમાં સમાવીને પાણીના વાદળો રચી અમીવર્ષા કરે છે. અગરબત્તી જાતે સળગી જઈ વાતાવરણને સુગંધિત કરે છે.

ઉપરોક્ત યુક્તિઓ રાજયોગના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. નિરંતર યાદની યાત્રા અને જ્વાલા સ્વરૂપની યાદ જરૂરી છે. જ્વાલામુખીમાંથી લાવારસ બહાર નીકળે છે તે રીતે જ્વાલા સ્વરૂપના પ્રચંડ યોગથી અંદર રહેલી બુરાઈઓ બહાર નીકળે છે અને માયાજીત પાવન બનાય છે. આમ રાજયોગ શ્રેષ્ઠ જીવન જીવવાની ઉત્તમ કલા છે.

॥ ઓમશાંતિ ॥

- **આપણે જ્યારે પ્રભુની પ્રસન્નતા માટે કાર્ય કરીએ છીએ ત્યારે કોઈપણ લક્ષ્ય પ્રત્યે આવી માનસિક સ્થિતિ સરળ બનાવવી સરળ થઈ જાય છે કેમ કે ત્યારે આપણે એ કાર્યોના ફળને પણ પ્રભુની ઈચ્છા તરીકે ખુશી સ્વીકાર કરી શકીએ છીએ.**
- **અપેક્ષા રાખશો તો ઉપેક્ષા થવાની સંભાવના છે.**

(પેજ નં. 19નું અનુસંધાન)... **દાદા ચંદ્રહાસજી**

માતેશ્વરી નિવાસમાં સેવા હોવાથી અમે પાર્ટીની જરૂરી સુવિધાઓ માટે અરજી કરતા તો તેઓ જાતે તપાસ કરી અતિ આવશ્યક જરૂરિયાત ચોક્કસ પૂરી કરતા, પરંતુ બિનજરૂરી ખર્ચ ન કરીને એક-એક પૈસો પણ બચાવતા. તેમનાં એકનામી, ઈકોનોમી, કરકસર દ્વારા મર્યાદામાં રહીને સુખ આપવાના તેમના સંસ્કાર પ્રશંસનીય હતા. તેઓ ખૂબ જ મિલનસાર હતા, દરેક સાથે લવ - લૉનું સંતુલન રાખી, જેવો સમય એવી વાત કરતા. બાંધકામના કામ પર તેમની ઝીણવટભરી નજર રહેતી. તેમની હાજરીમાં યજ્ઞને કોઈ નુકસાન ન પહોંચાડી શકતું. મેં મારાં સમર્પિત જીવનમાં, તેમને હંમેશા એક સતર્ક સૈનિકની જેમ યજ્ઞની રક્ષા કરતા જોયા છે. આવા યજ્ઞ પ્રહરી-યજ્ઞ રક્ષક દાદા ચંદ્રહાસજીએ ૨૭ ડિસેમ્બર, ૨૦૦૯ના રોજ તેમના ભૌતિક શરીરનો ત્યાગ કરી, આગળની બેહદની સેવા કરવા માટે આ દુનિયાથી વિદાઈ લીધી.

॥ ઓમશાંતિ ॥

અનુવાદ-બ્ર.કુ. વિજય પોશિયા, ઈન્ડિયા કોલોની, અમદાવાદ.

(પેજ નં. 31નું અનુસંધાન)... **દુ:ખમાં પણ સુખ**

મળેલી સૌગાત ગ્રહણ કરીને, ભારે મનથી એ પવિત્ર નગરીને આખરી પ્રણામ કરીને, પોતાનાં અશ્રુજળને જબરદસ્તીથી રોકીને ગદ્‌ગદ્ કંઠથી વિદાય લઈએ છીએ. અરાવલી પર્વત અમને ફરીથી આવવાનું નિમંત્રણ આપી રહ્યો છે. આ પાવન નગરીને, અચલ પર્વતને, જ્ઞાનસરોવરને આ ત્યાગી ભાઈબહેનોને અમારા કોટિ કોટિ નમસ્કાર.

॥ ઓમશાંતિ ॥

દિવ્યદર્શન

સંદેશો નાતાલનો

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

દર વર્ષે 25મી ડિસેમ્બર ઈશુખ્રિસ્તની યાદમાં નાતાલનો તહેવાર ઉજવાય છે. ઈશુખ્રિસ્તે તેમના સંદેશામાં કહ્યું છે કે, 'God is One, God is Light, I am not God but I am son of God.' જીસસ ક્રાઈસ્ટે આ એકેશ્વરવાદનો પ્રચાર કર્યો. પ્રભુ પુત્ર છે તેવી ઓળખ આપીને, પ્રકાશપુંજ એક જ પરમાત્માનો અર્થાત્ વિકારોનો ત્યાગ કેવી રીતે કરવો તેની સમજ આપવા આ સૃષ્ટિમંચ પર અવતરીત થયા. માનવ માનવના પરસ્પર પ્રેમના અભાવથી જ માનવસંબંધોમાં અવિશ્વાસ અને કટુતા જન્મે છે. ઈશુખ્રિસ્તે પોતાના સંદેશાઓમાં એમ પણ કહ્યું છે કે, 'God is Love and Love is God' પ્રેમ પરમાત્મા છે અને પરમાત્મા પ્રેમ સ્વરૂપ પ્યારના સાગર છે. તેથી જ ભગવાન માટે કહેવાય છે કે, 'તું પ્યાર કા સાગર હૈ, તેરી એક બુંદ કે પ્યાસે હમ.' આથી ક્રાઈસ્ટ પ્રેમના અવતાર પણ કહેવાય છે. તેઓ પાપ, નિરાશા, સંકટ, અત્યાચારો, બીમારીઓ અને વિનાશ લીલાથી ઘેરાયેલા માનવીઓ માટે મસીહા તરીકે ઓળખાયા. અધર્મી જગતમાં આજે ચેલો ગુરુને પડકારી મહાન બનવા માંગતા હોય છે તથા નોકરો માલિકને ઠગી શ્રીમંત બનવા ઈચ્છે છે.

ખ્રિસ્તી ધર્મ પ્રમાણે પ્રભુપિતા પરમાત્માએ 10 આજ્ઞાઓ (Ten Commandments) આપી જેનો ભંગ કરવો અને તે પાપ છે તેવું સમજાવ્યું. તેમની આજ્ઞાઓને સાર રૂપે અહીં સમજાવાનો પ્રયત્ન કરીએ.

1. મા-બાપનું હંમેશા સન્માન કરવું જોઈએ.
2. પતિ-પત્નીના સંબંધોમાં પવિત્રતા, પ્રેમ અને આદરને સ્થાન આપવું.
3. ભાઈઓ સૌ સંપીને ક્ષમાભાવથી રહેવું.
4. બાળકોને પ્રભુશિક્ષણ અચૂક આપવું.
5. દરેક કાર્યમાં અને સંબંધોમાં પ્રેમ, શાંતિ, ક્ષમા, સહનશીલતા, દયા, સંયમ, નમ્રતા, મધુરતા, આનંદ રાખીને શત્રુને પણ મિત્ર બનાવવો.
6. ભૂખ્યા, અનાથ, ગરીબ, વૃદ્ધો તથા વિધવાઓની યથાશક્તિ સેવા કરવી.
7. ગુનેગારોની મુલાકાત લઈ તેમને પ્રભુમાર્ગે વાળવા.
8. નાણાંનો લોભ ન કરતાં સરકારી ટેક્ષ ભરવો તથા પ્રભુસેવા માનવસેવામાં ધન વાપરવું.
9. જૂઠ, ચોરી, ખૂન કે વ્યભિચાર જેવા પાપના વિચારોથી હમેશાં દૂર રહેવું.
10. દ્રવ્ય, સત્તા, સમૃદ્ધિ કે કોઈપણ વ્યક્તિને અથવા મૂર્તિને પરમેશ્વરનું સ્થાન ન આપવું. પરંતુ માનવીએ જીવનમાં સર્વોત્તમ સ્થાન કેવળ એકમાત્ર પવિત્ર પરમેશ્વરને જ આપવું.

દરેકે સાચા હૃદયથી સત્યતાથી પ્રભુ સ્મરણ કરવું. આવું ઉત્તમ શિક્ષણ ઈશુએ લોકોને આપ્યું. પ્રભુપુત્ર ઈશુએ માનવ જગતના ઉદ્ધાર માટે રક્ત વહેવડાવી, ફાંસી પર ચઢી, જાતનું બલિદાન આપી પ્રેમનો, ક્ષમાનો અને શાંતિનો સંદેશ જગતને આપ્યો. જેઓ ઈશુના બલિદાન પર વિશ્વાસ રાખી ઈશ્વરને આધીન રહી પાપથી ડરે છે અને તેમના બોધને જીવનમાં આચરણમાં મૂકી નવું જીવન

(અનુસંધાન પેજ નં. 32 પર)

પ્રસંગ પરિમલ

અકલ્યાણમાં પણ કલ્યાણ

એક ગામમાં બુદ્ધ ઉપદેશ આપી રહ્યા હતા. એમણે કહ્યું કે દરેકે ધરતી માતાની જેમ સહનશીલ તથા ક્ષમાશીલ હોવું જોઈએ. ક્રોધ એવી આગ છે જેમાં ક્રોધ કરનાર બીજાઓને પણ સળગાવવશે તથા સ્વયં પણ ક્રોધ રૂપી અગ્નિમાં સળગી જશે. સભામાં સૌ શાંતિથી બુદ્ધની વાણી સાંભળી રહ્યા હતા. પરંતુ ત્યાં સ્વભાવથી અતિક્રોધી એક એવો માણસ બેઠો હતો જેને આ બધી વાતો બકવાસ લાગતી હતી. તે થોડા સમય સુધી સાંભળી રહ્યો પછી ગુસ્સે થઈને બુદ્ધની સામે બોલ્યો, 'તમે પાખંડી છો. મોટી મોટી વાતો કરવી એ તમારું કામ છે. તમે લોકોને ભ્રમિત કરી રહ્યા છો. તમારી વાતો આજના સમયમાં કોઈ મહત્ત્વ ધરાવતી નથી.' આવાં કેટલાંયે કટુવચનો સાંભળીને બુદ્ધ શાંત રહ્યા. એમની વાતોથી તેઓ દુઃખી પણ ના થયા કે તેનો કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. આ જોતાં તે માણસ વધુ ગુસ્સે થઈ ગયો અને બુદ્ધના મોં ઉપર થૂંકીને ત્યાંથી ચાલ્યો ગયો.

બીજા દિવસે તે વ્યક્તિનો ક્રોધ શાંત થયો તો પોતાના ખરાબ વ્યવહાર બદલ તે પસ્તાવા લાગ્યો. પશ્ચાતાપની આગમાં સળગતો તે બુદ્ધને શોધતો તે સ્થળે આવી પહોંચ્યો. પણ બુદ્ધ તો પોતાના શિષ્યો સાથે બીજા ગામ જવા નીકળી ગયા હતા, તો ત્યાં ક્યાંથી મળે? એ માણસ બુદ્ધને શોધતો શોધતો એ ગામે ગયો જ્યાં બુદ્ધ પ્રવચન આપી રહ્યા હતા. બુદ્ધને જોતાં જ તે તેમનાં ચરણોમાં પડ્યો અને બોલ્યો, 'પ્રભુ! મને માફ કરો. બુદ્ધે કહ્યું, 'ભાઈ, તમે કોણ છો? શા માટે માફી માંગી રહ્યા છો? એણે કહ્યું હું એ માણસ છું જેણે ગઈકાલે તમારી સાથે ખરાબ વ્યવહાર કર્યો હતો. હું શરમ અનુભવું છું. હું મારા દુષ્ટ આચરણની ક્ષમા માંગવા આવ્યો છું. બુદ્ધે પ્રેમપૂર્વક કહ્યું, ગઈકાલ તો હું ત્યાં મૂકીને આવ્યો છે. અને તમે હજુ ત્યાં થોભેલા છો. તમને પોતાની ભૂલની કબૂલાત થી, તમે પશ્ચાતાપ કર્યો, તમે નિર્મળ થઈ ચૂક્યા છો. હવે તમે પશ્ચાતાપ કર્યો, તમે નિર્મળ થઈ ચૂક્યા છો. હવે તમે આજમાં પ્રવેશ કરો. ખરાબ વાતો અને ખરાબ ઘટનાઓ યાદ કરતા રહેવાથી વર્તમાન અને ભવિષ્ય બંને બગડે છે. વીતેલી કાલને કારણે આજને બગાડશો નહીં. એ વ્યક્તિના મનનો બધો બોજ ઊતરી ગયો. એણે બુદ્ધના ચરણોમાં પડીને ક્રોધ ત્યાગનો તથા ક્ષમાશીલતાનો સંકલ્પ કર્યો. બુદ્ધે એના મસ્તક પર આશીર્વાદનો હાથ મૂક્યો. એ દિવસથી એનામાં પરિવર્તન આવી ગયું અને એના જીવનમાં સત્ય, પ્રેમ તથા કરુણાની ધારા વેહવા લાગી.

સાધુની સાધુતા

જૂના સમયની વાત છે. સંત રામદાસ ચાફલથી સતારા જઈ રહ્યા હતા. સાથે દત્તુબુવા પણ હતા. રસ્તામાં જતી વખતે દહેગાંવ આવતાં દત્તુબુવા બોલ્યા. મહારાજ, કંઈક ખાવાની વ્યવસ્થા કરવા જઈ રહ્યો છું. રસ્તામાં એમણે વિચાર્યું કે પાછા ફરતાં મોડું થઈ શકે છે. એ માટે નજીકના ખેતરમાંથી જુવારનાં ચાર ડૂંડાં તોડી લાવ્યા. જ્યારે એમણે ડૂંડાને શેકવાનું શરૂ કર્યું તો ધૂમાડો જોતાં ખેતરનો માલિક ત્યાં આવી પહોંચ્યો. એને ગુસ્સો આવ્યો અને એના હાથના ડંડાથી રામદાસ સ્વામીને મારવાનું શરૂ કર્યું. દત્તુબુવાને મનમાં વિચાર આવ્યો કે ખેડૂતનો સામનો કરું. પરંતુ રામદાસજીએ તેમ કરવાની ના પાડી. થોડા સમય પછી એમને ગાળો દેતાં ખેડૂત પાછો ફર્યો. બીજા દિવસે તેઓ સતારા પહોંચ્યા. સમર્થ

રામદાસજીના બરડામાં ડંડાના નિશાન જોઈને લોકો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. છત્રપતિ શિવાજીએ જ્યારે આ સંબંધમાં સ્વામીજીને પૂછ્યું. તો એમણે ખેડૂતને બોલાવવાનું કહ્યું. ખેડૂત ત્યાં ઉપસ્થિત થયો. જ્યારે એને ખબર પડી કે જેમને કાલે ડંડાથી માર્યા હતા તે તો રાજા શિવાજીના ગુરુ છે. તો તે ખેડૂત ઘણો ડરી ગયો. તે વિચારવા લાગ્યો કે કોણ જાણે પોતાને કેવો દંડ મળશે. ત્યારે ખેડૂત સ્વામીજીના ચરણોમાં પડ્યો અને માફી માગી. રામદાસે રાજાને કહ્યું - આણે કોઈ ખોટું કામ કર્યું નથી. અમારી માનસિક શાંતિની પરીક્ષા ખેડૂત સિવાય કોઈ કરી શક્યું નથી. એ માટે એનું કીમતી વસ્ત્રો આપીને સન્માન કરવું જોઈએ. આજ એનો દંડ છે. સાધુ અને સામાન્ય માનવીમાં શો ફરક છે. તે સમજવામાં શિવાજીએ વાર ના લાગી. એટલા માટે કહેવાયું છે કે સાધુ જો પોતાની સાધુતા છોડી દે તો તે સાધુ રહેતો નથી. પોતાના ગુરુજી પર શિવાજીને ગર્વ થયો.

પ્રેમ દિલોને નજીક લાવે છે

એક સંત પોતાના શિષ્યો સાથે કાશીમાં ગંગાઘાટ પર સ્નાન કરવા ગયા. ત્યાં કેટલાક લોકો એક બીજા સાથે મોટેથી બોલી રહ્યા હતા. સંત હસવા લાગ્યા. એમણે શિષ્યોને પૂછ્યું કે એક બીજા ઉપર ગુસ્સો કરનાર લોકો ઊંચા સ્વરમાં કેમ બોલે છે? એક શિષ્યે કહ્યું કે કારણ કે આપણે શાંતિ ગુમાવી દીધી છે એટલે ઊંચા સ્વરમાં બોલીએ છીએ. સંતે પૂછ્યું, એકબીજાની નજીક હોવા છતાં ઊંચા સ્વરમાં બોલવાની શી જરૂર છે? આપ જે કહેવા ઈચ્છો તો કોમળતાથી કહી શકો છો. કોઈ શિષ્યની પાસે આનો જવાબ નહોતો. ત્યારે સંતે સમજાવ્યું, જ્યારે બે લોકો એકબીજાથી નારાજ થાય ત્યારે એમના દિલો વચ્ચે અંતર વધી જાય છે. હવે આ અંતર દૂર કરવા માટે એમને ઊંચા સ્વરે બોલવું પડે છે. જેથી પોતાની વાત એકબીજા સુધી પહોંચાડી શકે. જેટલા વધારે ગુસ્સે થશે તેટલું અંતર વધશે. અને એટલા ઊંચા સ્વરમાં બોલવું પડશે. વાત આટલી જ છે. પછી એમણે હસીને કહ્યું, જ્યારે લોકો એકબીજાના પ્રેમમાં હોય છે તો શું થાય છે? તેઓ ઘણા ધીમે ધીમે, કોમળતાની સાથે આપસમાં વાતો કરે છે. એનું કારણ એ છે કે એમનાં દિલ એકબીજાની ઘણી નજીક હોય છે. એવામાં બંને વચ્ચેનું અંતર ઘટી જાય છે. આટલું નાનું અંતર પાર કરવા માટે બહુ ઊંચા અવાજની જરૂર નથી. પછી એમણે નિષ્કર્ષ કાઢતાં કહ્યું કે, જ્યારે બે લોકો વચ્ચે સ્નેહ વધે છે, પ્રેમ વધે છે તો એમની વચ્ચે સંબંધ વધારે મજબૂત થાય છે. તો એમનાં દિલ એટલા નજીક આવી જાય છે કે તેઓ એકબીજાની કાનની નજીકથી વાત કરે છે. અંતમાં પ્રેમ એટલું ઊંડાણ મેળવી લે છે કે એકબીજા ઉપર નાંખેલી નજર વાત પહોંચાડવા માટે પૂરતી હોય છે. વાત માત્ર સ્ત્રી-પુરુષના પ્રેમની નથી, પ્રેમના દરેક રૂપમાં જ દિલો વચ્ચેનું અંતર દૂર કરે છે.

ગાંધીજી આજન્મ સત્યવ્રતી બન્યા

મહાત્મા ગાંધીએ જ્યારે બાળપણમાં સત્યવાદી હરિશ્ચંદ્ર અને શ્રવણકુમાર નામનાં બે નાટકો જોયાં તો એના સંદેશથી ઘણા પ્રભાવિત થયા. સત્યવાદી હરિશ્ચંદ્ર નાટક જોઈને ગાંધીજીએ આજીવન સત્ય બોલવાની અને શ્રવણકુમાર નાટક જોઈને માતૃભક્તિનું વ્રત લીધું. એકવાર એમની શાળામાં બાળકો માટે ખેલકૂદનો તાસ ફરજિયાત બનાવી દીધો. ખેલકૂદ માટે શાળામાં વહેલા જવું પડતું હતું. જો કે ગાંધીજીની રુચિ ખેલકૂદમાં નહોતી. છતાં પણ તેઓ દરરોજ આ નિયમનું પાલન કરતા હતા.

(અનુસંધાન પેજ નં. 33 પર)

દુઃખમાં પણ સુખ છે

હારને જીતમાં બદલવાની કલા શીખો. રુદનને ગીતમાં બદલવાની કલા શીખો. જો જિંદગીની વાસ્તવિકતાને સમજવી છે તો દુઃખને સુખમાં બદલવાની કલા શીખો.

દુઃખ મનુષ્યમાં શક્તિ ઉત્પન્ન કરે છે. એ સિવાય સારાપણું અને બુરાઈ, પોતાનાં અને પારકાની ઓળખાણ પણ દુઃખના સમયે ઘણી સરળતાથી થાય છે. કારણ કે સુખના સમયે તો પોતાનાપણું બતાવનાર અને લોકો મળી જાય છે પરંતુ દુઃખના સમયે જ આત્મીયતાવાળા લોકો કયાં અદૃશ્ય થઈ જાય છે તે ખબર પડતી નથી. તેથી તો એ કહેવામાં આવે છે કે વિપત્તિ બરાબર સુખ નહીં જો થોડે દિન હોય. ઈષ્ટ , બંધુ જન જાણી શકાય ના કોઈ.

મનુષ્યને સ્વયં પોતાની શક્તિની ઓળખાણ પણ દુઃખના સમયે થાય છે. જ્યાં સુધી દુઃખ આવે ત્યાં સુધી મનુષ્ય સ્વપ્નોમાં ખોવાયેલો રહે છે. તે વિચારે છે કે હું આમ કરી શકું છું, તેમ કરી શકું છું પણ ખરેખર મનુષ્યમાં કેટલી શક્તિ છે. તે શું કરી શકે છે અને શું નથી કરી શકતો એની તો સંકટમાં ખબર પડે છે સોનામાં કેટલી મિલાવટ છે અને કેટલું સાચું સોનું છે તે તો અગ્નિમાં તપાવ્યા પછી જ ખબર પડે છે એ રીતે મનુષ્યની સાચી પરીક્ષા દુઃખમાં જ થાય છે જે લોકોના જીવનની કઠોરતાનાં દર્શન નથી કર્યા, તે અનેક દૃષ્ટિઓથી કાચા રહી જાય છે. એટલા માટે ભગવાને જ્યાં સૃષ્ટિની રચના કરી છે ત્યાં કર્મના હિસાબ કિતાબ અનુસાર દુઃખો અને મુશ્કેલીઓની પણ રચના કરી છે. એનો અનુભવ કર્યા વિના મનુષ્ય અપૂર્ણ રહી જાય છે અને તેનો ઉચિત વિકાસ થતો નથી. કહેવામાં આવે છે. 'गर्दिशे अय्याम तेरा हो भला, हमने हर पहलू से दुनिया दे.' દુઃખનું કોઈ એક સ્વરૂપ નથી બહુરૂપીને જેમ તે રંગ બદલીને આવે છે ક્યારે ક્યારે તે બીમારીના રૂપમાં આવે છે તો ક્યારેક આત્મીય જનોના વિયોગના રૂપે આવે છે. ક્યારેક તે શારીરિક કષ્ટના રૂપમાં આવે છે તો ક્યારેક માનસિક ક્લેશના રૂપે આવે છે. ક્યારેક તે શત્રુ પક્ષથી આવે છે પરંતુ દુઃખ કોઈપણ રૂપમાં આવે, ગમે ત્યાંથી આવે, પરંતુ આવે છે મનુષ્યને અનુભવ પ્રદાન કરવા માટે.

જીવન છે તો દુઃખ પણ એનું અનિવાર્ય અંગ છે. દુઃખનું મટી જવું એટલે જીવનનું મટી જવું. દા.ત. કોઈને લકવો થઈ જાય તો શરીરનું તે અંગ ચેતના શૂન્ય બની જાય છે. એમાં જો કોઈ સોંય ભોંકવામાં આવે તો દર્દ થતું નથી જ્યારે તે વ્યક્તિ દુઃખનો અનુભવ કરતો હતો પરંતુ હવે દર્દ થવાની શરૂઆત થઈ તો સુખની અનુભૂતિ કરવા લાગે છે. એનાથી શું એ સિદ્ધ નથી થતું કે દુઃખમાં પણ સુખ હોય છે.

યાદ રાખો, દુઃખ વિના સુખનું કોઈ મૂલ્ય નથી

એકવાર પુષ્પએ પોતાના શિર પર લાગેલા કાંટાને કહ્યું - મિત્ર, તારું આ કુરૂપ અને કાંટાવાળું શરીર મને સારું લાગતું નથી. જુઓ મારું શરીર કેટલું સુંદર અને લોભામણું છે એમાંથી મનમોહક સુગંધ નીકળે છે. મારા આ ગુણને કારણે દેવી દેવતાઓના ગળામાં પહેરાવવામાં આવે છે આ સાંભળીને કાંટાએ ઉત્તર આપ્યો કે મિત્ર તમે એ નથી જાણતા કે જેના જીવનમાં ફૂલ જ ફૂલ છે, સુખ જ સુખ છે તે જીવન નિષ્ક્રિય બની જાય છે અને તેની પ્રગતિ પણ રોકાઈ જાય છે જીવનની પ્રગતિ

તો કાંટાઓમાં જ હોય છે. તે મુશ્કેલીઓ અને દુઃખમાં ચમકે છે જે ફૂલમાં કાંટા નથી હોતા. તે ફૂલ તમારી જેમ મહેંકી ઉઠતું નથી.

માટે તમે આ સત્યને ભૂલવાની કોશિશ કરો છો ?

દુઃખ માનવના મનના વિચારોને સાર્વજનિક બનાવે છે. તેઓ કઈ રીતે એને ભોગવે છે, આ વાત પણ મનુષ્ય ત્યારે જાણી શકે છે જ્યારે તે સ્વયં દુઃખમાંથી પસાર થાય. કહેવામાં આવ્યું છે, 'जाके पाँव न फटी बिवाई जो क्या जाने पीड पराई'

જ્યારે આપણા સ્વયંના પગમાં વાઢિયા ફૂટે ત્યારે જ આપણને માલૂમ થાય છે કે તેની પીડા કેવી હોય છે. એ પ્રકારે સંસારમાં અનેક દુઃખ છે જેને અનેક પ્રાણી ભોગવી રહ્યાં છે. જો આપણે એમની સાથે સહાનુભૂતિ પ્રકટ કરવા ઈચ્છીએ છીએ તો આપણે પણ દુઃખની પીડાથી પરિચીત થવું પડશે. એવું સુખ પણ ક્યા કામનું છે. જે આવતાં જ ઈશ્વરને ભૂલાવી દે એના કરતાં તો એ દુઃખ સારું છે. જે ક્ષણે ક્ષણે ઈશ્વરનું સ્મરણ કરાવે છે. કબીરદાસજી એ કહ્યું છે, 'जो सुखमें सुमिरन करे तो दुःख काहे को होय'

સંસારમાં સુખ પણ છે અને દુઃખ પણ છે. પાનખર અને વસંત તથા ભરતી ઓટની જેમ જીવનમાં એનું આગમન થતું રહે છે. પરંતુ સમજદાર વ્યક્તિ ના તો સુખમાં ફૂલે છે અને ના દુઃખમાં ગભરાય છે. કષ્ટોના કાંટાવાળા રસ્તાઓ પર પણ દૃઢતા અને ધૈર્યપૂર્વક આગળ વધે છે.

કોઈએ બરાબર કહ્યું છે, 'जिंदगी का हर पल जियो इस तरह जैसे हर पलमें समाई हो जिंदगी गम का भी स्वागत करे। कुश इस तरह जैसे गम से भी निकल आये रुठी जिंदगी'

જે થવાનું છે સરલ ભાવથી સ્વીકારો

જીવનની બધી મુસીબતો, મનના ક્લેશ, સમાજના બધા સંઘર્ષ અને વ્યક્તિની પીડાઓ અને દુઃખોનો સ્ત્રોત છે. પરિસ્થિતિઓનો સ્વીકાર ન કરવો. યાદ રાખો જે વાતો આપ બદલી શકો છો યા સુધારી શકો છો, એના માટે પ્રયાસ કરો. પણ જે આપના હાથમાં નથી, એને સ્વીકાર કરી લેવો એ સારું છે. ન્યુયોર્કના થિયોસોફિસ્ટ પ્રો. ડો. રેનોલ્ડે પોતાની કવિતાની બે પંક્તિઓમાં આ વાત કહી છે. હે પ્રભુ ! મને બુદ્ધિ દે જે વાતોને બદલી ના શકું એને સ્વીકારી લઉં. 'રીડર ડાયજેસ્ટ' નામક પત્રિકાના એક લેખમાં એલસી મેટ કોરપીટે લખ્યું છે 'જ્યારે આપણે જે થવાનું છે તે માટે લડવાનું બંધ કરીએ છીએ તો આપણામાં એક વિચિત્ર શક્તિનો સ્ત્રોત ખૂલી જાય છે. જે આપણા જીવનને સુખમય બનાવવામાં આપણી સહાયતા કરે છે.

જે થવાનું છે તેનો સરલભાવથી સ્વીકાર કરો. હું એ નથી કહેતો કે વિપત્તિઓ સામે આપ હારી જાઓ. બિલકુલ નહીં આ કોરી ભાગ્યવાદી પ્રવૃત્તિ પરિસ્થિતિ વિશેષમાં આપણે પરિવર્તન લાવી શકીએ. એને અનુકૂળ થઈ ગયા પરંતુ છૂટકારો મેળવવાનું હવે અનિવાર્ય હતું. વાસ્તવમાં આ ભાઈ-બહેનોની નિઃસ્વાર્થ સેવા જોઈને નિર્મળ ભાવનાથી પીરસેલું ભોજન ગ્રહણ કરીને અમારા મનની પણ એ ભાવના જાગૃત થઈ કે અમને પણ એમના જેવી નિર્મલભાવથી સર્વની સેવા કરવાનો મોકો શિવબાબાના આશીર્વાદથી મળી જાય. પરંતુ અમે મજબૂર હતા. અમારે અમારા કર્મની જવાબદારી નિભાવવાની છે. છતાં પણ અમારા મનમાં એ મહાનુભાવોની સેવાને નમન કરીએ છીએ અમે એ પરમશક્તિ શિવબાબાને અનેક ધન્યવાદ આપીએ છીએ. શિવબાબાના ઘરથી

(અનુસંધાન પેજ નં. 26 પર)

(પેજ નં. 11નું અનુસંધાન)...સદ્ભાવનાનો જાદુ

તેથી આપણો સંસાર સુખમય બનતો નથી.

હવે કરીશું શું? આપણી સવાર પ્રભુ પ્રેમની સ્મૃતિથી ઊગે. દિવસભરના સર્વ કર્મોમાં 'ઈશ્વર મને જુએ છે અને મારી સાથે પણ છે. હું એમની છત્રછાયામાં છું, એવી સ્મૃતિ સાથે, સાક્ષીભાવે કર્મો કરીએ.' મારા દ્વારા કોઈને દુઃખ ન પહોંચે એવી તકેદારી રાખીએ. ભલાઈના કામો કરીને સૌની દુઆઓને પાત્ર બનવાની મનમાં તમન્ના રહ્યા કરે અને રાત્રે સૂતી વખતે જેણે દિવસભર મને સાથ આપ્યો છે, સાચવ્યો છે એ પરમપિતા પરમાત્મા શિવ બાબાને થોડી મિનિટ પ્રેમથી યાદ કરી, શુક્રિયા-શુક્રિયા કરીને સૂઈ જઈએ જેથી તેનું રક્ષા કવચ સવાર સુધી જ નહીં પરંતુ જીવનભર બની રહેશે. આમ, રક્ષિત બનીને સૌની રક્ષા કરીએ, એવી સદ્ભાવના સાથે...

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 27નું અનુસંધાન)... દિવ્ય દર્શન

બનાવે છે. તેના માટે મુક્તિના દ્વાર ખુલ્લા છે. જેથી પ્રભુની આજ્ઞાઓને આધીન રહે છે તથા પોતાના પાપોના પ્રસ્તાવો કરી ક્ષમા માંગે છે તેમને પરમેશ્વર જરૂર ક્ષમા કરે છે. જેમ ઈશુએ દુશ્મનોને પણ ક્ષમા આપી તે રીતે આપણે પણ આપણાં વિરોધીઓને દિલથી કર્મો માટે ક્ષમા બક્ષીએ અને પરસ્પર પ્રેમથી જીવીએ, પ્રેમ પરમેશ્વર અને પરમેશ્વર પ્રેમરૂપ છે. તેમ માની, સૌ એક પ્રભુપિતાના બાળકો હોઈ આપસમાં ભાઈ-ભાઈ છીએ તે રીતે પ્રેમથી રહીએ. 'Love is the neighbour' પાડોશી સાથે સ્નેહપૂર્વક જીવન જીવીએ. પ્રેમના અવતાર બનીએ. આ છે નાતાલનો શુભસંદેશો....

॥ ઓમશાંતિ ॥

(પેજ નં. 25નું અનુસંધાન)... મોટા ઘરનું તેડું

સંબંધી જોતાં રહેશે રોતાં રોતાં વિદાઈ દેશે,
તને મારગમાં ખાવા માટે ભાથું ન બંધાવશે
જીવતર તારું એળે જાશે આવ્યો એવો જગથી
જાશે, ઈશ્વર તુજને પૂછશે ત્યારે જવાબ ક્યાંથી
આપશે?

વર્તમાન સમયે પ્રભુ પિતા ધરા પર આવીને આપણને અજ્ઞાન નિંદ્રામાંથી જગાડે છે. સમય આપણી રાહ જોવાનો નથી. સમય રૂપી સરિતાનાં નીર વહ્યાં જ કરે છે. આપણે જાગીએ અને જ્ઞાન જળને લઈ જીવનને ધન્ય બનાવીએ. મૃત્યુ પ્રસંગે આત્માને શાંતિ મળે, પરિવારજનોને સહનશક્તિ મળે તે અર્થ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય પર સંપર્ક સાધવા વિનંતી છે.

॥ ઓમશાંતિ ॥

- **જો તમે યોગીજીવનનો અભ્યાસ કરશો તો તેઓ કાયમ એવી મુશ્કેલીઓમાંથી પસાર થયા હોય છે તે માનવીની સહનશક્તિની હદથી પણ વધુ હોય છે. તેમ છતાં તેઓ લાખો લોકોની પ્રેરણા બનતું જીવન જીવે છે.**
- **સૂર્ય જ્યારે ઊગે છે તો તમે સૌ જાણો છો કે તે અસ્ત પણ થવાનો છે. એજ રીતે જ્યારે કોઈ જન્મ લે છે તો દરેક જણ જાણે છે એક દિવસ તેનું મૃત્યુ થવાનું છે. એટલે જ્યારે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો યોગી ઉદાસ થવાને બદલે ઉચ્ચ આધ્યાત્મિક જ્ઞાનનો ઉપયોગ કરે છે.**
- **હાથનું ભૂષણ દાન છે. સત્ય ગળાનું ભૂષણ છે. કાનનું ભૂષણ શાસ્ત્રો (ઈશ્વરીય જ્ઞાનનું અધ્યયન) છે જેની પાસે આ ભૂષણો છે તેને બીજા ભૂષણોની ક્યાં જરૂર છે ?**

(પેજ નં. 29નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ

એક દિવસ તેઓ પોતાના પિતાના ખરાબ સ્વાસ્થ્યને લીધે એમની સેવામાં જોડાયેલા હતા. આકાશમાં વાદળો છવાયેલા હતાં. એટલે સમયની ખબર ના પડી. જ્યારે શાળામાં પહોંચ્યા તો ખેલકૂદનો તાસ પૂરો થઈ ગયો હતો. અને બધાં બાળકો મેદાનમાંથી જઈ ચૂક્યા હતાં. બીજા દિવસે મુખ્ય શિક્ષકે ખેલકૂદના તાસમાં ન આવવાનું કારણ પૂછ્યું તો એમણે કહ્યું કે મારી પાસે ઘડિયાળ નહોતી. આકાશમાં વાદળ હોવાને લીધે મને સમયની ખબર ના પડી. પરંતુ મુખ્ય શિક્ષક સમજ્યા કે ગાંધીજી જૂઠું બોલી રહ્યા છે. એમણે ગાંધીજીને બે આનાનો દંડ કર્યો. ગાંધીજી પોતાને જૂઠા સમજવાને કારણે રડી પડ્યા. બહુ કહેવા છતાં પણ મુખ્ય શિક્ષકે ગાંધીજીની વાત પર વિશ્વાસ ના મૂક્યો. ત્યારે ગાંધીજીએ પોતાના મનમાં નિશ્ચય કર્યો કે જીવનમાં કદી અસત્ય બોલશે નહીં અને પોતાનામાં એવું આત્મબળ પેદા કરશે કે લોકો પણ એને સત્ય જ માને. દ્રઢ વ્રતી બનીને સત્યને પોતાના આચરણમાં લાવવાનો નૈતિકપક્ષ એટલો મજબૂત થઈ જાય છે કે શેષ સમાજ અને સત્ય માનીને એના સન્માનમાં સ્વાભાવિક રીતે નમી પડે છે.

મહાત્માના ધૈર્યે દુષ્ટતા પર વિજય

એક મહાત્માને કદી કોઈએ ક્રોધિત થતા જોયા નહીં. તેઓ હંમેશાં સર્વ સાથે પ્રસન્નતાથી મળતા અને પ્રત્યેક સ્થિતિમાં શાંત રહેતા. એમની ઝૂંપડી પાસે એક ક્રોધી મનુષ્ય રહેતો હતો. જ્યારે તે મહાત્માને શાંતચિત્ત જોતો તો એમના ઉપર એને ગુસ્સો આવતો. શાંતિના પોતાના ગુણને કારણે મહાત્માને મળનારા સન્માનથી એને ઈર્ષ્યા થતી.

એક દિવસ એના કુટિલ દિમાગમાં મહાત્માની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો. એણે બીજા દિવસે મહાત્માને ભોજન માટે આમંત્રિત કર્યા. જ્યારે મહાત્મા એના ઘેર પહોંચ્યા તો તે બોલ્યો, 'ખાવાનું ખતમ થઈ ગયું છે.' મહાત્માએ સહજતાથી કહ્યું, 'કોઈ વાંધો નહીં. હું પછીથી આવીશ.' જ્યારે તેઓ જવા લાગ્યા તો એ માનવે એમને ફરીથી બોલાવ્યા અને કહ્યું, સાચી વાત તો એ છે કે આપના જેવા સાધુઓને હું ભોજન કરાવતો નથી. લોકો મૂર્ખ છે. જે આપને આદર આપે છે. પણ હું આપની અસલિયત જાણું છું. મહાત્માએ શાંત ભાવથી કહ્યું, તમે સાચું કહો છો ભાઈ હવે મને જવાની આજ્ઞા આપો. એ માણસે એમને ફરીથી બોલાવ્યા, 'મારા ઘરમાં ભોજન તો નથી પણ કેટલાક પથ્થર રાખ્યા છે. જો ખાવા ઈચ્છો તો.' મહાત્માએ હસીને કહ્યું, 'ભાઈ એ તો તમે જાણો છો કે પથ્થર ખાવાની વસ્તુ નથી.' એટલું કહીને શાંત ભાવથી તેઓ જવા લાગ્યા. મહાત્માના ધૈર્ય સામે એ માણસની દુષ્ટતા પરાજિત થઈ. એણે મહાત્માના ચરણોમાં પડીને પોતાના ખોટા વ્યવહાર બદલ ક્ષમા માગી. ત્યારે મહાત્માએ એને હૃદયથી માફ કરી દીધો. કેટલીકવાર શૂલના બદલે ફૂલ આપવાથી બુરાઈનો અંત આવી જાય છે. આવી પરિસ્થિતિમાં ધૈર્ય અને શાંતિથી સ્થિતિ જાળવવી.

॥ ઓમશાંતિ ॥

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં નવેમ્બર, ૨૦૨૩ માસની શબ્દાવલી – ભાગ–૩૬ના જવાબો આ સાથે છે. જ્ઞાનચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી – ભાગ–૩૭ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં જાન્યુઆરી, ૨૦૨૪ના અંકમાં આ શબ્દાવલી – ભાગ–૩૭ના જવાબો મળશે.

સંગમયુગની શબ્દાવલી - ભાગ-૩૭

1	2	3		4				5	
6							7		
			8		9			10	11
	12	13					14		
	15				16				
17				18			19		
20		21		22					23
		24					25	26	
	27					28		29	
30				31					

શબ્દાવલી - ભાગ-૩૬ના જવાબોવાળું કોષ્ટક

1 દી	2 પ	3 રા	4 જ		5 લા	6 ભ	પાં	7 ચ	8 મ
9 પ	ર	ખ	શ	10 ક્તિ		વ		11 કી	ટ
12 ક	મ			13 મુ	14 બા	ર	ક		ર
	15 ધા	16 ર	ણા		ગ			17 પા	
18 સ	મ	જ		19 દી	વા	સ	20 ળી		21 મ
હ		ની		22 લ	ન		23 ગો	24 મ	તી
25 ન	મઃ		26 ઝા	ંખુ		27 ત	રં	ગ	
શી		28 ક		29 શ	ની			30 ર	31 ફ
32 લ	ક્ષ્મી	પુ	33 જા				34 ક	મ	લ
તા		35 ર	મ	તા	યો	ગી		રછ	36 ક

આડી ચાવીઓ –

૧. ડિસેમ્બર માસનો પર્વ (૩)
૪. એક ધર્મ (૩)
૫. એક લખો (૨)
૬. ચાંદી (૩)
૭. બર્થ ડેમાં .... બને (૨)
૮. 'કેરી'નું જ્યુસ (૪)
૧૦. એક કઠોળ (૨)
૧૨. એક ગુણ (૫)
૧૪. એક દિશા (૩)
૧૫. નિર્ણયશક્તિના ચિત્રમાં .... હોય (૩)
૧૬. 'દયાળુ' શબ્દને ઉલ્ટો લખો (૩)
૧૭. ઉંમર (૨)
૧૯. કપડાં ધોવાનું સ્થાન (૨)
૨૦. દરિયો (૩)
૨૨. આત્મા રાજા, મન ..... (૨)
૨૪. માનતા, ટેક (૩)
૨૫. ..... સે નિહાલ (૩)
૨૭. વાચા (૨)
૩૦. સૂક્ષ્મ (૩)
૩૧. સરખામણી (૩)

ઊભી ચાવીઓ –

૧. એક ભક્ત (૪)
૨. દેવી–દેવતાઓનો મુગુટ (૨)
૩. આદત (૨)
૪. ૨૫ ડિસેમ્બરે આવતો તહેવાર (૪)
૫. સતયુગમાં ..... હોય (૪)
૮. અપેક્ષા, આશા (૩)
૯. એક કંદમૂળ (૩)
૧૧. 'હીટ'ને ગુજરાતીમાં ..... કહેવાય (૩)
૧૨. સ્વર્ગ, સ્વર્ણિમયુગ, પેરેડાઇઝ, હેવન (૪)
૧૩. 'રામ' શબ્દને ઉલ્ટો લખો (૩)
૧૪. 'ઓપનીંગ'ને ગુજરાતીમાં ..... કહેવાય (૫)
૧૭. ..... સંસાર (૩)
૧૮. ઠંડીની ઋતુ (૫)
૨૧. ગંભીર અને ..... નું સમતુલન રાખવું (૪)
૨૩. રવિ, સૂર્ય (૩)
૨૬. પાલન (૩)
૨૭. કુરબાન, બલિ ..... (૨)
૨૮. જાનકી દાદી એ સેવાનું બીજ ..... માં વાવ્યું (૨)

બાંટવામાં 'નશામુક્તિ અભિયાન'નું લોન્ચીંગ કરતાં નગરપાલિકાના પ્રમુખ ભ્રાતા રાજુભાઈ, શાળાના આચાર્યો ભ્રાતા જગુભાઈ તથા પુરુષોત્તમભાઈ, ડૉ.રામચંદાણીભાઈ, ડૉ. સુરેજાભાઈ, બ્ર.કુ. મધુબેન.

ભરૂચ ઝાડેશ્વર ખાતે આયોજીત 'રાષ્ટ્રીય શિક્ષા અભિયાન RISE'ના શુભારંભમાં લાયન્સ સ્કૂલના ચેરમેન ભ્રાતા દીપકભાઈને સૌગાત આપતાં ગુજરાતના શિક્ષા પ્રભાગના સંયોજીકા બ્ર.કુ. પ્રભાબેન.

ભરૂચ સીટીમાં આયોજીત 'મહાઅષ્ટમી'ના કાર્યક્રમમાં સુપ્રસિધ્ધ ગીતકાર ભ્રાતા હરીશ મોયલ, ડૉ. આરતીબેન શ્રોફ, ઈન્ડીગો એરલાઈન્સના પાયોલટ ભગિની પ્રિયાંજલી સાથે બ્ર.કુ. સુનીલાબેન.

ખેડામાં 'સીનીયર સીટીઝન કાઉન્સીલ'ના વાર્ષિક ઉત્સવમાં ખેડા સિવિલ સર્જન અને પ્રમુખ ડૉ. સી.બી. શાહ તથા 'ખેડા પેન્શન મંડળ'ના પ્રમુખ ભ્રાતા બચુભાઈને સૌગાત આપતાં બ્ર.કુ. દક્ષાબેન.

વડોદરા અટલાદરામાં 'આંગણવાડી'ની બહેનો માટે આયોજીત ૫ દિવસ રાજયોગ શિબિર બાદ સમૂહચિત્રમાં સી.ડી.પી.ઓ. ભગિની અંબિકાબેન, હર્ષાબેન, સુપરવાઈઝર ગોપીબેન, બ્ર.કુ. અરૂણાબેન.

ગાંધીનગરમાં આયોજીત 'કેસરીયા ગરબા મહોત્સવ'માં શુભારંભ પ્રસંગે આરતી કરતાં બ્ર.કુ. કૈલાસબેન તથા અન્ય સંપ્રદાય અને સંસ્થાના પદાધિકારીઓ.

મઢીમાં કે.ડી.અંગ્રેજી માધ્યમની શાળામાં 'વ્યક્તિત્વ વિકાસ'ના પ્રવચન બાદ શાળાના આચાર્ય ભ્રાતા મયંક ત્રિવેદી તથા ટ્રસ્ટી ભ્રાતા જીતેન્દ્રભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. પિંકીબેન.

પનામા ખાતે ભારતીય દૂતાવાસમાં પનામાના ભારતીય રાજદૂત ભ્રાતા ડૉ. સુમિત શેઠને ઈશ્વરીય સંદેશ આપ્યા બાદ સમૂહચિત્રમાં એડીશન સેવાકેન્દ્રના બ્ર.કુ. શીતલબેન તથા અન્ય ભાઈ–બહેનો.

Gyan Amrit Vol.16 | Issue 12 | December 2023 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

સુરત રાંદેર સેવાકેન્દ્રના નવનિર્મિત ભવનના મંગલ ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં દીપ પ્રજવલ્લન કરતાં ગુજરાતના વન અને પર્યાવરણ મંત્રી ભ્રાતા મુકેશભાઇ પટેલ, માઉન્ટ આબુથી પધારેલ વરિષ્ઠ રાજયોગિની બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. લીલાબેન સાથે પ્રભુ સમર્પણ સમારોહમાં શિવલિંગને પુષ્પમાળા અર્પણ કરતાં બ્ર.કુ. આરતીબેન અને બ્ર.કુ. આવૃત્તિબેન અને સભામાં ઉપસ્થિત બ્રહ્માવત્સો.

વડોદરા મંગલવાડી સેવાકેન્દ્ર દ્વારા સંચાલિત ‘ગ્લોબલ હોસ્પિટલ’માં ‘ડાયાલિસિસ સેન્ટર’નું રીબીન કાપી ઉદ્‌ઘાટન કરતાં મેયર ભગિની પિંકીબેન સોની, BJP શહેર પ્રમુખ ભ્રાતા ડૉ. વિજયભાઇ શાહ, ડૉ. પ્રતાપ મિઢ્ઢા, બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.

અમદાવાદ શાહીબાગ સેવાકેન્દ્ર ખાતે શહેરના પ્રથમ નાગરિકનું સ્થાન ગ્રહણ કરતાં આયોજીત ‘અભિનંદન સમારોહ’માં પધારેલ મેયર ભગિની પ્રતિભા જૈન, બ્ર.કુ. વિજ્યાબેન, ડૉ. હસમુખભાઈ, ભગિની જાસ્મીનબેન, ડૉ. રોહિનાબેન, બ્ર.કુ. ધનવંતીબેન.

ગાંધીધામ કચ્છ ખાતે ‘ખુશીનો પાસવર્ડ, મનનું રીમોટ’ વિષય ઉપર આયોજીત કાર્યક્રમમાં બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. ગોદાવરીબેન, બ્ર.કુ. ભારતીબેન સાથે શહેરના ગણમાન્ય અતિથિગણ.

ભુજ-કચ્છમાં ‘જીવન મૂલ્યોનું અમૃત મંથન’ કાર્યક્રમમાં દીપ પ્રાગટ્ય કરતાં બ્ર.કુ. શિવાનીબેન, MLA ભ્રાતા કેશુભાઇ પટેલ, નગરપાલિકાના પ્રમુખ ભગિની રશ્મિબેન સોલંકી, કચ્છમિત્ર દૈનિકના તંત્રી ભ્રાતા દીપકભાઇ માંકડ તથા બ્ર.કુ. રક્ષાબેન.

If Undelivered Please Return to Publishing Place :
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

Publisher : Bharti Ranchhoddas Somaiya
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com